# આદિવાસી

## સાંસ્કૃતિક વારસો
















# દિ ા ી

## ાંસ્કૃ િ ક ાર ો







કા ક ાહિ ી િ ા ક, ુજરા રા , ાં ી ર

ે અ ે ં ાદ ડૉ. ા દા ટે

ો ે િ ં અ ે ુદ્ર રકારી ફોટો ી ો ે , અ દા ાદ

ૂ ૨૦૨૦-૨૧


આ પુસ્તક સંપાદકના સંશોધન અને અનુભવના આધારે તૈયાર કરવામાં આવ્યું છે.
તેમાં વ્યક્ત થયેલાં વિચારો કે મંતવ્યો સાથે રાજ્ય સરકાર સંમત જ છે તેમ માનવું નહીં.



सत्यमेव जयते

# સંદેશ

ગરવી ગુજરાતની પોતાની આગવી ઓળખ છે. આ ધરતી એટલે મેરુ, મરુ અને મહેરામણનું સૌંદર્યપાન કરાવતી ધરા. ગુજરાતની ભૂમિ પર એકસાથે કૃષિ સંસ્કૃતિ, ગોપ સંસ્કૃતિ, સાગર સંસ્કૃતિ અને આદિવાસી સંસ્કૃતિ દ્રષ્ટિગોચર થાય છે. કુદરતના ખોળે વસનારી આદિવાસી પ્રજાના ઉત્સવો, તહેવારો, રીતિ-રિવાજ, પહેરવેશ તેમજ કલાઓ અનેક પ્રકારે અનુપમ અને અદ્‌ભુત છે.

રાજ્ય સરકાર દ્વારા આદિજાતિના લોકો માટે અનેક લાભકારી યોજનાઓનું નિર્માણ થયું છે અને અમલવારી પણ થઈ રહી છે. વિકાસની મુખ્યધારામાં તેઓને લાવવા માટે સરકાર વિવિધલક્ષી કાર્યક્રમો થકી તેમને સહયોગી બની રહી છે.

માહિતી ખાતા દ્વારા આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતી પુસ્તિકાનું સર્જન ગૌરવપ્રદ બાબત છે. "આદિવાસી સાંસ્કૃતિક વારસો" પુસ્તિકા, આપણા અમૂલ્ય વારસાનું દર્શન કરાવનાર બની રહેશે, એવી આશા સાથે પુસ્તિકાની બહોળી સફળતા માટે શુભેચ્છા પાઠવું છું. લેખન અને પ્રકાશન ક્ષેત્રના સર્વે સહયોગીઓને અભિનંદન.

(વિજયભાઈ રૂપાણી)

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય.



सत्यमेव जयते

# સંદેશ

ાૈિહાિક ુ ીએક િ ે ભ ા રા ાઅ ેદો, હા ાર
ે જ ુરા ો ાં િ ાદ કે ુિંદ રીકે ેળ ા ા ી િદ ા ી ે ી
ઉ જાિ ેદે ાજુદા જુદા દે ાં ે ી છે. ુજરા ાં ઉ રે અર ૯ ી
હાડ ી હાર ાળા ે ાં, ૂ ાં ા ુડા અ ેિ ે હાડ ી ળેટી ે ર
ે જ દિ ાં ાદ્રિ ી ે ી ાં િદ ા ી ે ર૯ ુદા ાં ે ુ
ીર ુજી જી ી ર ાં છે.

ડ રીર, ૬ કદ, ુ િજાજી અ િ ોદી સ્ ા , રળ ા,
સ્ ાં ૭ અ િ ાજે ા ુ ો રા ા િદ ા ી ે ા ાં ી
િકા ાટે રા રકારે ુજરા ેટ ુ ં ી ી ા૧૦ ુદ્દા કા ક્ર ,
અિ કાર અિ જે ા અ ે ક ાં ે દ્વારા ે ા ાજિક,
િક અ ે ૈ િક િકા ાટે ા ફળ ા ો ક ાં છે. જે ા ુ ફળ
ાપ્ ા છે. કા દા હે ાં િદ ા ી ે ા િકા ાટે ફ્ક ર ોજ કે
અ ીકર ોઅ ા હ ો ારે જે ફ્ક ા ો હીં, ર ુ૧૪ જિ૯ ા ા પ૩
ા ુકા ા ૯૦ ા જેટ ા િદ ા ી ે ા ાં ી િકા ાટે ૨૦૨૦ ાં
રૂા. ૧૧૪ર કરોડ ી ફાળ ી કરાઈ છે. ૨૦૦૧ હે ાં ાર એક ાેડે
રેિ ડેિ સ્કૂ ી ા અ ારે ૩૬ જેટ ી એક ાેડે રેિ ડેિ
સ્કૂ કા ર છે. જે ાં િદ ા ી ે ા ે ા ી ાળકો ઉચ્ ુ ા ાળી
ૈ િક ુિ ા ાપ્ કરી ર ાં છે.

રા ા ાહિ ી ા ા દ્વારા િદ ા ી ે ા ા ા રિ ી ાંડી
ે ા ુ ો, હેર , ૂ ો, હિ ારો, રોજીદું જી ા ે ા ે ી
કળા, ાજિક ાર , ા ઠ, ાિ કઉ ો, નૃ ો, ુ ા ો ેરે
િ ે રી ઈ િદ ા ી ંસ્કૃિ ે ઉજા ર કર ી ુસ્ કા' **િદ ા ી ાંસ્કૃિ ક ાર ો'** ૈ ાર કરાઈ છે. ે જા ી ે ંદ ો.

ે િદ ા ી ાં ો ાજી ી ારી રી ે રિ ી એ ી
ંસ્કૃિ ો જી કાર અ ુ ીએ અ ે ે િકા ા ા ાં હ ો ી
ા ીએ એ ી અભ ા ા ે સ્ ુ ુસ્ કા ા કા ી ફળ ા ાટે
હાર્દિક ુ કા ા ાઠ ુ છું.

( િહ ા ા)

ી, િદજા ી િકા , અ ે ાં ર



# સંદેશ

દિજાતિ ંસ્કૃતિ એ ા ોિ, ક ા, ી ો અ ે નૃ ો દ્વારા ડ ા ે ા
જ ે, ા ે ારી ેઢી ુ ી હા ાડ ી ા ી ભ ા છે.
િ ર ા દિજાતિ ા ં જો ાં ા ા િ ક ા ે ા ા ાં ી
છે. ો ા ા ા ા ો, િ િ ષ્ટદે ી-દે ા ે અ ે િ િ ા ાજિક હે ારો
ે જ ારિ ારિક ં ો ાં ા , ાદ અ ે નૃ કી ઉજ ી કર ી
ંસ્કૃતિ છે. એક-ે કે દદ કર ી, ં ા ે રહી ા ે જ ુ -દુઃ અ ુ ી
દિ ા ી ે ી ા ાઈ ે ી ી ે ળ છે.
ુજરા ાં ા ં ુ ે ાં ડી ો ાટે ો દર, દિ ા ી ા ા
ે ી ીિ અ ે ા ી ળ રં રા ે ા ા ી કટિ દ્ધ ા જો ા ળે છે.
િ અ ે ારિ ારિક ઞ જે ા ં ં ો ાં જો ા ળ ી દિ ા ી
ાઈ- હે ો ી ાદાઈ દિ ા ી ાજ ા ોળ ી ાિ ી કહી કા .
ાજ ાં એક ીજા ે દદરૂ ા ી ઉ દા ા ા ા ે ં ે ે ા
અજાણ ા અિ િ ા ે ો ીકો હારએ દિ ા ી ોકો ો કૃિ દ
સ ા છે. રા અ ં ાં દિજાતિ ી ંસ્કૃતિ એ કુદર અ ે ા ર ે
ી ે ા રસ ર િ ા ી ાં રે ા ં ં ી િ કા ા ા છે.
ુજરા ાંઅં ાજી ી ઉં ર ા ુ ી ા ં ટ્રી રીકે ેળ ા ા િ સ ાર
ઉ રાં રા ાં ાટકર ા દિજાતિ ુદા ી ભ ા ે ાજ ા
ા ક ુદા ુ ી હા ાડ ા ા ા ા ો કાં ા . રા ા
ાહિ ી િ ા દ્વારા દિ ા ી ંસ્કૃતિ ે જ ા ા ન ુ ી હા ાડ ા ા
ા ા ા રૂ ે **દિ ા ી ાંસ્કૃતિક ાર ો** ુસ્ િ કા ટ કર ા ાં
ી રહી છે એ જા ી ે ંદ ી ા ી અ ુ ંુ છું ા ુસ્ િ કા કી
કૃતિ ી ી રહે ા ોકો િ ે ા ન ોકો ાં જાગૃ ા ફે ા ે ે ી
ુ કા ા ે ા ે ુસ્ િ કા ટીકર ા ે ં રૃ ા ે અિ ંદ
ાઠ ુ ં છું.

(ર ા ાટકર)

રા ં ી, અ ે દિજા ી િ કા




सत्यमेव जयते

# સંદેશ

ુજરા દિ ા ી ાંસ્કૃ િક રોહર ા ી ુ ા િકા
ાટે ૮ ી ીઅ રકારક રિ ા ો ળ ી ર ું છે. કૃ િ ી
ી રહે ો દિ ા ી ાજ અ ૃ ંદા ્ુર કરી ો ા ો
જી િ ાંહ ા છે જે ાં કૃ િ ું ો ા ાટે ી ા ાજો ા
ળ ી હો છે. કૃ િ ી ોદ ાંઅ કૃ િ ી ર ા રહે ારા ાજે
ાર ી ંસ્કૃ િ અ ં રા જાળ ા છે.
ુજરા ાં દિ ા ી ાજ ી જ ા અં ાજી ી ઉ ર ા ુ ી ી
ૂ ટ્રી ાં ૪ હજાર કર ાં ારે ા ડાં ાં ાટ કરે છે. ુજરા ાં ા
એક્ટ' અં દિ ા ી ેદા ો અ ી ી જ ા હક ી
ા િકિકા કા ર્ી રકારે ા ા ૃ ું છે અ જે ા અ રકારક અ ા
ૂકળ ા િક રૂ રે ા રા ા િકા ાં જો ા ળી ર ા છે. ' ું
ક ા ' ોજ ા હેઠળ ુજરા ા દિજા િ રૂ ારો ાટે િ , રોગ ,
રૂ ા, ા ી જે ી ાળ ાંકી ુ િ ા ડે િકા કા ર્ી ોજ ધ્રુરી
ળ ા ા ાં ી ર ાં છે. દિજા િ ા િકા ાટે ા ાંકો
ારે ક્કા ાર ોજ કર ા ાં ું છે.
એક ાળા ે, કન્ ા-કુ ાર છા ા ે, ેડિક કૉ ેજ, િ ર ા ંુડા
ુ િ ર્ટી ુ િ ાં જે ા ૈ િક ા િકા કા ોઉડી ે ળ ે ા
છે. દિ ા ી ાળકો ા િ ી ા ારીરિક અ ા િક િકા ા
ાટે 'દૂ ંજી ી ોજ ા' હેઠળ દિજા િ રૂ ારો ી ા િક ાળા ાં
ા જ ાડી ા ુ ર૧ ા ાળકો ાટે અઠ ાડી ા ાં ાં
દિ ોદર િ ા ો ુ દૂ હા ાડ ા ાં ી ર ું છે.
ુજરા રકાર દ્વારા દિજા િ રૂ ારો ાં ર ાળ ાંકી ો
હા ાડ ા ી ા જ દિ-અ ાદિકાળ ી ંસ્કૃ, કૃ િ અ ર ી
જાળ ી કર ા દિ ા ી ાજ ી ાંસ્કૃ િકરિ રા ી જાળ ી જ
ા ાટે ાકા ર્ી કર ા ાં ી ર ા છે. રા ા ાહિ ી િ ા
દ્વારા ' **દિ ા ી ાંસ્કૃ િક ાર ો'** રૂ ક ા ાં ૃ ી દિ ા ી ંસ્કૃ િ ી
િ િ ૃ ા ા ું ાં ુ ોકો ુ ી હા ાડ ા ો કા ા .
ુસ્િ કા ી ફળ ા ાટે ુ ેચ્છા હ...

**અ િ ીકુ ાર,** ઇ.એ.એ .

િ , ાહિ ી અ ાર િ ા



## પ્રકાશકીય...


ુજરા ી ા ી ળ ંસ્કૃ િ ી િ િ ્ટ િરા રા ુરા છે. ુજરા ી ર ી રઅ ેકજા િ ેએ દિકાળ ી ે ા ી ી ંસ્કૃ ા ેજી િ હિક ર્ ી છે. કૃ િ ા ેળે અર લ ી ી ડું ર ળા ં દાં ા ી ઈ ડાં ુ ી ા િ સ્ ાર ાં ાં રે ી દિ ા ી ંસ્કૃ િએ ે ા ી એક ી જી રી િ અ ે ંસ્કૃ િ ે ક ી રા ી છે. દિ ા ી જાજ ેએ ટ ટ ા ૈ િ ક રિ ી, ંસ્કૃ િ ક ક ે ચે ે ા ી ી ંસ્કૃ િ ે અક રા ી છે. ેુંજ કુ છે. એ એ ી રિ ા ી અ ુ ેળ છે.

દિ ા ી ે ા ા િ કા ાટે હં ે ાં ૮ ી રા રકારે ંુક ા ેજ ા અં દિ ા ી કુટું ે ુ ા ુ રોજ ારી, રિ ા ી િ , ે ં ી ર્િ ક િ કા , ૈ ે ાટે રોગ , ી ા ું ુધ્ ા ી, િ ાઈ, ાર ા ી રસ્ ા ે, ા િ ક ીજળીકર જે ી ે ઉ ભ કરા ી ે દિજા ી ા ં ી િ કા ે રા રકારે અ ા ી છે.

ુજરા ા દિ ા ી જા ી જી ૈ ી, ાર્િ ક ઉ૮ ે, ા ાજિક હે ારો, ે ી, હેર ે , ુ ે, રહે ીકર ી, હાર, ક ા ે ે રે િ ે રી ઈ ‘ **દિ ા ી ાંસ્કૃ િ ક ાર ે’** ા ી ુસ્ િ કા ૈ ાર કરા ી છે. િ ેઅ ે ીરો ર સ્ ુ ુસ્ િ કા ુજરા ા ાહિ ે ી ે, ંસ્કૃ િ અ ે ક ાર િ કો, અભ્ ા ુ ે અ ે િ ા ર્ ી ે ે ઉ ે ી ઈ ડ ે એ ી ઙ ા છે.

અ ેકકા રી ા

ાહિ ી િ ા ક



# સંપાદકીય

જિ ા ી જી રી અ ે ૈિ ક ાહિ દ્વારા કોઈ ા જાિ િ ે ી ંસ્કૃિ ોઈિ હા ે ા ા ોકર ા ાં ા છે. ાઅભ ા ી ે ો ા ા ં ો અ ે અદ ે ાં ોકજી ી રૂ રે ા ૅ ા ોકજી અ ે ૈિ ક ાહિ ાં ા ાહ ાંટકી રહે ા ૂ ૅકાળ ાઅ ે ોદ્વારા ાં ે છે. ૈિ ક ાહિ ાં ી જે કંઈ ા ા છે ે ફ ૅ ા જી ંદ ૅ ે જ કરે છે, એ ુ ંહીં કહી કા ે ાં ણું ુ ંા ી હો છે. ૅ ા ંસ્કૃિ ફ ૅ ા ો હાર અ ે િ ં ી ાજ ી ે ર ં રા છે. ર ં રા ાં ણું ુ ંજૂ ુ ં ા ે ુ ંહો છે. ા ે ાઅ ે ો ો ા ા

ુ ો - ે ી ંસ્કૃિ ોઈિ હા ટ કરે છે. કાળ ા ાહ ાં િ ર રહે ા અ ે ો અ ે જદિ ુ ી ા ી ી ર ં િર જી રીિ કોઈ ંસ્કૃિ ી ંર ા ી ા ા ુ ંએક ૂ ા ા છે. ાઈ રહે ા અ ે ો ુ ં અ ે કર ાં કર ાં ે જે- ે ંસ્કૃિ ાં ૂળ ુ ી હા ી કીએ. અહીં િદ ા ી જી રીિ , ૈિ ક ાહિ ાં ટકી રહે ા ૂ ૅકા ી ા ાજિક અ ે ો અ ે ા ે ી ૈિ ક ાંસ્કૃિ ક ં દા ા ારે િદ ા ી ંસ્કૃિ - ાજ ી એક રૂ રે ા ે ા ો ારે ક ર્ો છે.

ાર ાં ા ૈ િહાિક ુ ો ાર ં એક ા ેી હે ાં ા ાંઅ ા છે ે ો છે૯ ા ંડ ૧૦ ી ૮ હજાર ે હે ાં ો ા ા ાં ે છે, જે અંિ ા ુ ા ા ી ે ળ ા છે. ે 'િ ાદ' જા ી હ ી. િ ાદ એ જ જા ા દિ ા ી ે એ ા ઈિહા િદો રો ર્ટ ે ફર અ ે ડી.ડી. કો ામ ી દઢ ા ૂ ંક ા ે છે. ાર ી ભ ા ા િકા ાં દિ- આદિ ા ી ે ો ા ા ફાળો છે. દિ ા ી ે ી ૂ ંકા ી ાર્િક ૂજાિ િ ે અ ે ે ા ા ાંઅ ે ક ા ાં ી 'પૃથ્ી ી ઉત િ ક ા', 'અ ાર ક ા', ' ો ર ી ( ૈ ઋિ) ં અદર (ઈન્દ્ર) ી ાર ા ' જે ી ક ા ે ો ા દિ ા ી ાજ ા ા ાજિક- ાર્િક જી ાં અ ારે એટ ો જ ળ છે. દિ ા ી ંસ્કૃિ ાં કંઠ ાહિ ાં ઉ ાદા અન્ ા ી જાિ ે એ ો ા ી ા ા ાં ા ્ કરી ી ાંહો ે ો ં કારી કા .

ૌ ં દ્રિ ડ, ુિ , િ ાદ કે ી દિ ા ી જે ી ે ર ંસ્કારી જા ા ે ી જે ાર ો ો હ ો એ ાર ી ંસ્કૃિ ો ાર્િક- ા ાજિક ા ો ા છે. ક ંઅ ે ુ ર્જ િ ે ા િ ારો, ર્પૃ - િ ં ૂજા 'હો ' ી ૈ દિક િ િ ી િ ઉ ા ા- ૂજાિ િ ે રે ાં ૂ ળ ે ર જા ાં છે. ં ા ાર ી ંસ્કૃિ ંુ સ્ રૂ ુ ત ંઅ ે દ્રિ ડ, િ ાદ કે દિ ા ી જે ી ે ર જા ા િ અ ે ો દા ી ં ા ંુ છે.' ાર ી ભ ા કે ળ ાૅ ર્િક ંજાિ ી, કુ ી ો કો ી જ ંસ્કૃિ ી. એ ો એકાદ થ ર ા ી ે એ ા ર િ ંદૂર ો ડી એ ી ૂજાકર ાર ો કો ી ાંડી ે , અદ્ વૈ ી હ અ ુ ૂિ ુ ી ાં ૈ િ ધે ો ી ો ા ા જી ાં ં ર ાર અ ે ાર ૂ િ ે ર ં ી, િ ાર ી, િ ી ા ી િ િ જા ે ી હિ ારી ંસ્કૃિ છે.' ( ા - ં ો ી ં ે ી-૨૨, ાર -દ ે -૧( દિ ુ ), ી ં દ્ર િ . રી , પૃ. ).

દિ ા ી ાજિ ે ા અ ે ર ાં ા અન્ ો જો ા ો કો ાં અ ે ક કાર ી ે ર જો ે ી હો છે. ી ે ર જો ો ડ ા ાટે એ ાજ ાજ ચ ે ા ા કએક ા ા ા ાટે ુ સ્ ક ઉ ો ી ા એ ંુ છે. ળી, દિ ા ી એક ા ા ા ાટે ુ સ્ ક ઉ ો ી ા એ ંુ છે. ળી, દિ ા ી ાઇ- ાંડુ ચ ે કા કર ાર ા ાજિક- ૈ િ કકા ર્કરો દિ ા ી ાજ ે ે ા ાંસ્કૃિ ક ંદ ે ાં ે ળ ી કે એ ો ા ુ સ્ ક ાછળ રહે ો છે.

ં ુ અ ે ુ િક િ ા ા ળે ા અ ે ર ી ંસ્કૃિ ી જે દિ ા ી ંસ્કૃિ ઝડ ી રિ ે ા ી રહી છે એ ા ં જો ો ાં િ ષ ો ઈિહા િ દ્, ુરાત િ દ્ અ ે ા ાજિક ા ા ી અ ી ા ા જ ારો ુ ા ી ા ે ે અ ે દિ ા ી ંસ્કૃિ ં દા ો ઉ ો કરી કે એ ો ુ સ્ ક ાછળ રહે ો છે.

ુજરા રા ા ાહિ ી ા ા ો ઉ દા હ ો ા ો હો ો ુ સ્ ક ટ ંુ ક ી અ ે ક ા ક ી ંુ હો . ાટે ાહિ ી િ ા ક ી અ ો કકા રી ા ો ારી છું.

ડૉ. ા દા ટે
ો. 94281 09579



# દિ ા ી ંસ્કૃ ં દા

## પૂર્વકાલીન આદિવાસી સંસ્કૃતિ

ભારતમાં પ્રાગૈતિહાસિક યુગનો પ્રારંભ બે લાખ વર્ષથી પણ પહેલાં થયાનાં એંધાણ છે, પણ તેનો છેલ્લો સમયખંડ ૧૦ થી ૮ હજાર વર્ષ પહેલાંનો માનવામાં આવે છે, જે અંતિમ પાષાણયુગથી ઓળખાય છે. આ સમયે "નિષાદ" પ્રજા વસતી હતી. આ નિષાદો એ જ આજના આદિવાસીઓ. ભારતીય સભ્યતાના વિકાસમાં આ આદિવાસીઓનો નોંધપાત્ર ફાળો છે.

ભૂસ્તરશાસ્ત્રીઓની દૃષ્ટિએ તો અરવલ્લી પહાડ દુનિયાનો ઘણો પ્રાચીન ભૂભાગ છે, જ્યાં પૃથ્વીનો લાવારસ સ્થિર થયો હતો અને જીવસૃષ્ટિ અસ્તિત્વમાં આવે એવું પર્યાવરણ રચાયું હતું. આદિવાસીઓ આજે પણ 'ગોર', 'ધૂળાનો પાટ', 'ર્કાબરિયો પાટ' જેવા ધાર્મિક ઉત્સવોમાં 'પૃથ્વીની ઉત્પત્તિ કથા' કહે છે, જે કથા ભૂસ્તરશાસ્ત્રીઓ અને ઉત્ક્રાન્તિવાદીઓની ધારણાઓ જેવી જ છે.

આ ધારણાને વધુ સબળ બનાવે છે, આ સંશોધકને અહીંથી પ્રાપ્ત આદિમાનવ આવાસો, પથ્થરનાં ઓજારો અને પાષાણ સમાધિઓ, જેમનું સમયાંકન ૫ હજાર વર્ષથી ૭૦ હજાર વર્ષ સુધીનું આંકવામાં આવ્યું છે. ભારતીય સભ્યાનો એક મહત્ત્વનો અંશ કે જેમાંથી આદિવાસીઓની વિવિધ ઉપજાતિઓ અસ્તિત્વમાં આવી છે તે ભીલ 'આદિવાસી સંસ્કૃતિ' સર્વ પ્રથમ અરવલ્લી પહાડની શિખરાવલીઓમાં વિકસિત થઈ છે અને અહીંથી અન્યત્ર ફેલાઈ છે. જો આ મતને ધ્યાનમાં રાખીએ તો આદિવાસીઓ જ ભારતીય સભ્યતાના સર્વપ્રથમ ધારક અને વાહક છે. તેઓ જ આ મહાન સંસ્કૃતિ-સભ્યતાના સભ્યતાના અગ્રદૂત હોવાની શક્યતા છે.



## આદિવાસીઓનું યોગદાન

ભારતીય સભ્યતાના વિકાસમાં આ આદિ નિષાદોનું કે ભીલ આદિવાસીઓનું વિશેષ યોગદાન છે. ગુજરાતના ઉત્તર-પૂર્વી અને ભારતના મધ્ય ઉપખંડમાં વસતા આ લોકોએ જ અહીં નવા પાષાણ યુગની સભ્યતાનો વિકાસ કર્યો છે. આ સભ્યતાએ જ આદિયુગથી ભારતીય સંસ્કૃતિના નિર્માણમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. "વસ્તુઓની ગણતરી કોડ (૨૦)ના એકમથી કરવી; લગ્ન તથા ધાર્મિક વિધિઓમાં હળદર અને સિંદૂરનો ઉપયોગ; જાદુ અને ટોણામાં વિશ્વાસ; વૃક્ષ, સર્વ અને લિંગની પૂજા; મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ અને આત્માનો બીજી યોનિમાં જન્મ ધારણ કરવો વગેરે બાબતો પર અસ્પષ્ટ વિચાર, કૂર્મ વગેરે અવતાર કથાઓ; સૃષ્ટિ-રચના બાબતની અનેક કલ્પિત કથાઓ (જેમાંના કેટલાક વિચારો ઋગ્વેદના નાસદીય સૂક્ત સાથે મળતા આવે છે); ઈંડામાંથી વિશ્વરચના જેવી કથાઓ નિષાદ કે ભીલ આદિવાસીઓની ભેટ છે. એ કથાઓ પાછળથી પૌરાણિક હિન્દુ ધર્મમાં અપનાવી લેવામાં આવી અને તે કેટલાક પરિવર્તન સાથે પૌરાણિક કથાઓ બની ગઈ (૨૨, જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી - ભારત દર્શન - ૧, ઈતિહાસ : આદિયુગ, પ્રવીણચંદ્ર ચિ. પરીખ, પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૧૯૮૨-પૃ.૧)."

## સૃષ્ટિ રચનાની પુરાકથા

ઋગ્વેદ, મત્સ્યપુરાણ, મનસ્મૃતિ આદિ ગ્રંથોમાં સૃષ્ટિ રચના કે ઈંડામાંથી વિશ્વ રચનાની કથાઓ છે. એવી પુરાકથાઓ બોલી-ભાષા ફેરે ઉત્તર-મધ્ય-દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં વર્તમાનમાં પણ પ્રચલિત છે, જે તેમના સામાજિક-ધાર્મિક ઉત્સવો સમયે ગાવા કે કહેવામાં આવે છે. તેનો કેટલોક અંશ આ પ્રમાણે છે :

ધરતી ન હતી, આકાશ ન હતું. ચાંદ ન હતો, સૂરજ ન હતો; નવલાખ તારા ન હતા. જે વખતે જળજળાકાર (જળપ્રલય) હતો. બધે જ જળ ભરેલું હતું. ઘોર અંધારું હતું. આ વખતે જળમાં એક મોજું આવ્યું, જે પાણી-પવન સાથે સ્વર્ગમાં ગયું અને નવમાસ સ્વર્ગમાં રહ્યું. આ પાણીનું સોનાનું એક ઈંડું જન્મ્યું. આ ઈંડું ફરીને જળમાં આવ્યું. ઈંડું ફૂટલા લાગ્યું અને 'જળુકાર ભગવાન' પેદા થયા. ભગવાનને જળમાં ચાલવાની, બેસવાની કે પોઢવાની જગા ન હતી. આથી મનસાદેવી માછલીના વેશે પ્રગટ થઈ. નાભિ (દૂંટી) માંથી એક સેર છૂટી જે જળ ઉપર આવી ને જળ ઉપર કમળની કળીરૂપે જન્મી. કમળની કળીમાંથી પૂર્ણ કમળ વિકસ્યું. આ કમળના ફૂલમાં ભગવાન પોઢવા લાગ્યા... ભગવાનના મુખમાંથી અમીની સેર છૂટીને પાતાળમાં ગઈ અને ઉમિયાદેવી પેદા થઈ... આ સમયે ભગવાન બોલ્યા, "તું વાસુકિનાગના મુખમાંથી ધરતીનાં બીજ લઈ આવ, આપણે ધરતી રચાવીએ."

ઉમિયાદેવીએ કાચબીનો વેશ લીધો. સાત પાતાળ ઊંડે જળમાં ડૂબી. સૂતેલા વાસુકિનાગના મુખમાંથી અડધાં નખમાં અને અડધાં મુખમાં મૂકીને ધરતીનાં બીજ લઈ આવી. ઉમિયાદેવી બોલી, "ભગવાન, સત્યની સોનાથી સળી પેદા કરશે !" ભગવાને સત્યની સોનાની સળી પેદા કરી ઉમિયાદેવીએ આ સળીની મદદથી નખમાંથી અને મુખમાંથી ધરતીનાં બીજપાત્રમાં કાઢ્યાં. ભગવાને પોતાનો એક પગ ભાંગીને માટી કાઢી, પાત્રમાં મૂકી. કમળનું ફૂલ પાત્રમાં મૂક્યું. ભગવાને ધરતીનાં બીજ, પગની માટી અને કમળનું ફૂલ મસળી-મિલાવી એક રોટલી બનાવી. આ રોટલી ભગવાને જળ ઉપર મૂકી. આ રોટલી ભગવાનના હાથની એક એક થપાટે ગાઉના ગાઉ જળ ઉપર ફેલાવા લાગી. પછી ભગવાને ઉમિયાદેવી પર દૃષ્ટિ નાખી. ઉમિયાદેવીના દેહમાંથી ટપ્ ટપ્ અગ્નિનાં ટીપાં પડવા લાગ્યાં. જેથી ધરતી પર આગ લાગી. આ અગ્નિથી જે



ધરતી પાકી એના પથ્થર અને પર્વત થયા અને જે ધરતી કાચી રહી એની માટી (જમીન) બની.

ભગવાને ભરી નજર નાખી; વૈકુંઠપુરી પેદા થઈ. ભરી નજરે જંગલ-ઝાડી પેદા કરી. ભરી દૃષ્ટિએ કૈલાસપુરી પેદા કરી. ભરી નજરે અગનકોટ પેદા કર્યો. ભરી દૃષ્ટિએ મનુષ્ય અવતાર પેદા કર્યો...

લગભગ ૩૨૫૦-૨૭૫૦ ઈ.પૂ.માં સિંધુ ખીણની સર્વાંગ સભ્યતાનો વિકાસ થયો હતો. ભારતીય ઉપખંડના ત્રીજા ભાગ પર વિસ્તરેલી આ અતિવિકસિત સિંધુ સભ્યતાના ઘડતરમાં દ્રવિડોનું મહત્ત્વનું યોગદાન હોવાનું મોટા ભાગના વિદ્વાનો માને છે. પણ અહીંથી મળેલાં માનવ-હાડપિંજરોના અવશેષોની તપાસ પરથી જાણવા મળ્યું છે કે, આ સિંધુ ખીણની નગર સંસ્કૃતિમાં નિષાદ અને કિરાત પ્રજાતિઓ પણ વસતી હતી. આથી સાભાર અનુમાન થઈ શકે છે કે, સિંધુ ખીણની સભ્યતાના વિકાસમાં નવાપાષાણયુગના કૃષક નિષાદ કે ભીલ આદિવાસીઓનો મહત્ત્વનો ફાળો છે.



(''આદિવાસી ઓળખ'' પુસ્તકના આધારે)



# દિ ા ી ` ી ઈકા

ભીલોનો ઈતિહાસ તપાસતાં સન ૫૨૫ (સં.૫૮૦)માં યવનોના હુમલાથી સિસોદીયા વંશનો રાજપૂત રાજા શિલાદિત્ય મરાયો અને વલભીપુરનો નાશ થયો ત્યારે, ઈડર વિસ્તારમાં માંડલિક નામે ભીલ આદિવાસી રાજા રાજ કરતો હતો. આ ઉપરાંત સં. ૧૨૫૦ થી સં. ૧૩૦૨ સુધી ઈડરની ગાદી પર ભીલ આદિવાસી રાજા હાથી સોડે અને તેના પુત્ર શામળિયા સોડે એજ કર્યાના લિખિત ઐતિહાસિક ઉલ્લેખો 'ઈડર રાજ્યનો ઈતિહાસ' પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

ભૂગોળની રીતે સ્થળ-નામો તપાસતાં આદિવાસી પ્રજાનો વિસ્તાર, ઘણા વિશાળ પ્રદેશ પર હોવાનું ભીલ્લમાળ, ભીલવાડા, ભીલાડ, ભીલોડા જેવાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં દેખાતા સ્થળ-નામો સૂચવે છે. તેમનું એક મહત્ત્વનું રાજ્ય આશાવલ આજના અમદાવાદ વિસ્તારમાં આશરે આઠમી સદીથી અગિયારમી સદી સુધી હતું. તેનો નાશ, પાટણના ચૌલુક્ય કે સોલંકી રાજવી કર્ણદેવે કર્યો હતો, તે આદિવાસીઓની ઉચ્ચ રાજકીય કક્ષા દર્શાવે છે.



ઈ.સ. ૧૮૧૮ થી ૧૯૨૦ના સમયખંડમાં અંગ્રેજોએ જંગલો પ્રાપ્ત કરવા ડાંગ પર આક્રમણો કર્યાં પણ ડાંગી રાજાઓએ સફળતાપૂર્વક સામનો કર્યો. છેલ્લે વર્ષ ૧૯૪૨માં ડાંગી રાજાઓએ ડાંગનાં જંગલ અંગ્રેજોને લીઝમાં આપી સમાધાન કર્યું.


ઈ.સ. ૧૮૫૭ થી ૧૮૫૯ના વર્ષમાં મધ્ય ગુજરાતમાં રાપસિંહ નાયકના નેતૃત્વમાં પાંચ હજાર આદિવાસીઓ અંગ્રેજો અને દેશી રાજાઓના અત્યાચારો સામે વીરતાપૂર્વક લડ્યા હતા.

તા.૧૭ નવેમ્બર, ૧૯૧૩ના રોજ ગુરુગોવિંદ ગિરિની આગેવાની નીચે અંગ્રેજો અને દેશી રાજાઓ વિરુદ્ધ આરંભાયેલા સ્વાતંત્ર્યસંગ્રામમાં માનગઢના પહાડ પર અંગ્રેજોની તોપો અને મશીનગનો સામે ૧૫૦૦ આદિવાસીઓ શહીદ થયા હતા.

તા.૭ માર્ચ, ૧૯૨૨ના રોજ ક્રાંતિવીર મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં અંગ્રેજો અને જાગીરદારો વિરુદ્ધ આરંભાયેલા "એકી આંદોલન"માં ઉત્તર ગુજરાતના પાલ-ચિતરિયા ગામે ૧૨૦૦ આદિવાસીઓએ શહીદી વહોરી હતી.


ખેડબ્રહ્મા, દાંતા અને રાજસ્થાનના કોટડા ક્ષેત્રના આદિવાસીઓ રાજપૂતોમાં પ્રચલિત રાઠોડ, પરમાર, હોળંગી (સોલંકી) જેવાં ગોત્રો ધરાવે છે અને રાજપૂતોની માફક સ્થાનિક લોકો પર સત્તા ભોગવવાની પરંપરા દેશ આઝાદ થયો ત્યાં સુધી ચાલુ રહી છે. આ વિસ્તારના મામેર પટ્ટા અને પાનરવા પટ્ટાના આદિવાસી પ્રદેશમાં ભીલવા ઠાકોરોની જાગીરો નજીકના ભૂતકાળ સુધી ચાલુ રહી છે.

ડૉ. ર. ના. મહેતા નોંધે છે એ પ્રમાણે "હિન્દુસ્તાનમાં સિંધુ નદીની સંસ્કૃતિના કાળ પછી આર્યોનું આગમન થયાની આપણી સદીના પૂર્વાર્ધની વિચારણા પ્રમાણાશ્રિત ન હોવાથી છોડી દેવી જોઈએ." જેથી ભારતીય સંસ્કૃતિ એટલે આર્ય સંસ્કૃતિ એવું સમીકરણ પૂરતા પ્રમાણોના અભાવમાં માંડી નહીં શકાય.



૫ટ ૫ર અનેક હિન્દુ નગર રાજ્યો વિસ્તરેલાં હતાં." આમ "આર્ય તત્ત્વોના તાણાઓ અને આર્યેતર તત્ત્વોના વાણાઓએ સમન્વયી ભારતીય સંસ્કૃતિનું પોત વણ્યું છે." અને આ ભારતીય સભ્યતા-સંસ્કૃતિનું ભાતીગળરૂપ આર્યો અને અન્ય પ્રજાતિઓએ ભારત બહાર પણ પ્રસરાવ્યું છે.

અખંડ ભારતની એકતાને વધુ દૃઢ અને મજબૂત બનાવવાની દાઝ રાખનાર અને ભારતના વર્તમાન અને ભવિષ્યા સર્વાંગી વિકાસનું હંમેશા ચિંતન કરનાર જાગ્રત ભારતીય નાગરિકને ભારતીય સંસ્કૃતિનાં આદિમૂળ ભીલ સંસ્કૃતિને તેના મૂળ સંદર્ભ સાથે જોઈને સમજ્યા વિના આજે કે આગામી વર્ષોમાં પાલવે તેમ નથી જ નથી !



અશ્મક્ષરિકાઓ

આર્યોને દ્રવિડ, પુલનિ, નિષાદ કે આદિવાસી જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી જે વારસો મળ્યો હતો તે હિન્દુ ધર્મનો ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પાયો ગણાય છે. વર્તમાન હિન્દુ ધર્મનું સ્વરૂપ મુખ્યત્વે આર્ય અને દ્રવિડ, નિષાદ કે આદિવાસી જેવી આર્યેતર સંસ્કૃતિઓના મિલન અને યોગદાનનું મંગલદાયી પરિણામ છે. હિન્દુ ધર્મનું આ સમન્વયી રૂપ, પ્રાગૈતિહાસિક સભ્યતાથી આરંભી તામ્રાશ્મ, ઐતિહાસિક અને સ્વતંત્ર ભારતની વર્તમાન સભ્યતા સુધી અભિન્ન રહ્યું છે.

"ભારતીય સભ્યતા કેવળ નોર્ડિક આર્ય જાતિની, કુલીન લોકોની જ સંસ્કૃતિ નથી. એ તો એકાદ પથ્થર સ્થાપીને એના પર જ સિંદૂર ચોપડી અને પૂજા કરનારા લોકોથી માંડીને, અદ્વૈતની મહત્તમ અનુભૂતિ સુધીનાં વૈવિધ્યોથી પોતાના જીવનમાં રંગ ભરનાર અને ભારત ભૂમિને રંગમયી વિચારમયી, ગતિમયી બનાવતી વિવિધ પ્રજાઓની સહિયારી સંસ્કૃતિ છે" (જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ શ્રેણી-૨૨, ભારત દર્શન-૧ (આદિયુગ), પ્રવીણચંદ્ર ચિ. પરીખ, પૃ.૫).

રામકૃષ્ણ વેદાન્ત મઠના સ્વામી શંકરાનંદ પોતાના પુસ્તક "હિન્દુ સ્ટેટ્સ ઓફ સુમેરિયા"માં નોંધે છે તે પ્રમાણે "સમન્વયકારી ભારતીય સભ્યાના વિકાસરૂપ યુક્રેટિસના









# દિ ા ી ` ી  જ



### પૌરાણિક ભારતમાં આદિવાસીઓ

પ્રાગૈતિહાસિક યુગથી એક વિશેષ સભ્યતા ધરાવતા અને વેદો, મહાભારત અને પુરાણોમાં નિષાદ કે પુલિંદ તરીકે ઓળખાતા ભીલ આદિવાસીઓની ઉપજાતિઓ દેશના જુદા જુદા ભૂમિખંડમાં ફેલાયેલી છે. ગુણાઢ્યના 'કથાસરિતસાગર'માં 'ભીલ' શબ્દનો પ્રથમ ઉલ્લેખ થયો છે (ભારત કે આદિવાસી પ્રકાશચંદ્ર મહેતા, પૃ. ૫૬). આ પહેલાં આ જાતિ ભારતીય સાહિત્યમાં નિષાદ તરીકે ઓળખાતી હતી.

મહાભારતના યાદવકુળ સંબંધિત હરિવંશ પુરાણમાં પણ આદિવાસીઓનાં અનેક વર્ણન આવે છે. આ જાતિ એટલી બધી પ્રાચીન છે કે, ઈશુના ૫૦૦ વર્ષ પૂર્વની પ્રજાતિ-તાલિકામાં પણ તેની ગણના કરવામાં આવે છે.



### વર્તમાન ભારતમાં આદિવાસીઓ

ભારતની પૂર્વકાલીન જાતિઓમાં આદિવાસીઓની ગણના કરવામાં આવે છે. આદિવાસી ભારતના મૂળ નિવાસી છે. આ જાતિઓ આદિકાળથી અહીં વસતી હોવાથી એમને 'આદિજાતિઓ' કે 'આદિવાસીઓ' એવું નામ આપવામાં આવ્યું છે. સામાન્ય જનતામાં તેમના માટે અનેક દંતકથાઓ અને પુરાકથાઓ પ્રચલિત છે. કેટલાક લોકો તેમને જંગલો અને પહાડોમાં વસતા ભલાભોળા અને નાચ-ગાનના શોખીન લોકો તરીકે ઓળખે છે.

ભારતના પૂર્વ, મધ્ય અને દક્ષિણમાં વસતા આ આદિવાસીઓને ભારતની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને

ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છેઃ

(૧) ઈશાન પ્રદેશના આદિવાસીઓ

(૨) મધ્ય ભાગના આદિવાસીઓ અને

(૩) દક્ષિણ પ્રદેશના આદિવાસીઓ

ગુજરાતના આદિવાસીઓની ગણના ભારતના મધ્ય ભાગના આદિવાસીઓ સાથે કરવામાં આવે છે. આદિવાસીઓ દેશના ૧૯% ભૂભાગ પર વસે છે. દેશમાં અલગ અલગ આદિજાતિઓના લગભગ ૫૦૦ સમુદાયો વસે છે.



### ગુજરાતમાં આદિવાસીઓ

ગુજરાતમાં ઉત્તરે અરવલ્લી પહાડની હારમાળાઓમાં, પૂર્વમાં સાતપુડા અને વિંધ્ય પહાડની શિખરાવલીઓની તળેટીઓ પર દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વત શ્રેણીઓમાં આદિવાસીઓનું નિવાસસ્થાન છે. આ પૂરો ભૂમિ ભાગ લગભગ ૨૦ હજાર માઈલમાં ફેલાયેલો છે.





# દિ ા ી જિ ો રિ



ગુજરાતમાં મુખ્ય આદિજાતિ તરીકે ભીલોનું સ્થાન છે. સમગ્ર આદિવાસી વસતિની અડધી વસતિ તો માત્ર ભીલ આદિવાસીઓની છે. ગુજરાતમાં આદિવાસીઓની વસતિ લગભગ ૧૪% છે.

ગુજરાતમાં આદિજાતિના ૨૯ સમુદાયો વસે છે. જે સમુદાયો મુખ્યત્વે ભીલ આદિવાસીઓની ઉપજાતિઓ છે. જેમાં ડુંગરી ભીલ, સોખલા ગરાસિયા, ડુંગરી ગરાસિયા, દુબળા, ધોડિયા, ગામિત, ચૌધરી, ધાનકા (તડવી), ગોંડે કાથોડી, વારલી, કોળી, કોંકણા (કુકણા), કુણબી, નાયક, પારધી, પટેલિયા, પોમલા, સીદી, કોટવાળિયા આદિ મુખ્ય આદિજાતિઓ છે.

નૃવંશ વિજ્ઞાન અને ભાષાશાસ્ત્રના તજજ્ઞોએ નવાં સંશોધનો કરીને એવું તારવવાનો પ્રયત્ન કર્યો છે કે, ભારતની પ્રાચીનતમ આદિજાતિઓમાં કેટલીક પ્રાક્-દ્રાવિડી તથા આદિ-ઑસ્ટ્રેલોઈ઼ જાતિઓ છે. આ આદિ-ઑસ્ટ્રેલોઈડ જાતિને આદિ-આગ્નેય કે 'નિષાદ' તરીકે પણ ઓળખવામાં આવે છે. રોબર્ટ શેફરે દૃઢતાપૂર્વક નિષાદોને ભીલ આદિવાસીઓના પૂર્વજ માન્યા છે (એન્થોગ્રાફી ઓફ એન્શિએન્ટ ઈન્ડિયા, રોબર્ટ શેફર, પૃ.૨૧). ડી.ડી. કોસામ્બી પણ ભીલ આદિવાસીઓને આર્ય-પૂર્વ સમુદાયની જાતિ માને છે. (પ્રાચીન ભારત કી સંસ્કૃતિ ઔર સભ્યતા, કોસામ્બી ડી.ડી. પ્રથમ સં.૧૯૬૯)



### ચારિત્ર્યિક વિશેષતા (ગુણો)

ગુજરાતના ઉત્તર-મધ્ય અને દક્ષિણના પ્રાકૃતિક પ્રદેશમાં અનેક વર્ષોથી આણક્ય જીવન જીવતા ખમીરવંતા આદિવાસીઓ વસે છે. ખડતલ શરીર, મધ્યમ કદ, ખુશમિજાજી અને વિનોદી સ્વભાવ, સરળતા, સ્વાતંત્ર્ય અને સત્યપ્રિયતા એ આદિવાસી ચરિત્રની પ્રમુખ વિશેષતાઓ છે.



## પહેરવેશ અને આભૂષણો

સોળ હાથનો 'સારણો' (ચણિયો) એ આદિવાસી સ્ત્રીના પહેરવેશની વિશિષ્ટતા હતી અને હોળીના મહત્ત્વના તહેવારે પુરુષે આ 'સારણો' અવશ્ય સિવડાવી આપવો પડતો હતો. પરંતુ, 'સુધારા' અને 'સમયે' આ માપ ટૂંકું કરી દીધું છે. સ્ત્રીઓ ગળાથી કમર સુધી લીલા, વાદળી કે કાળા રંગની 'ઝૂલડી' પહેરતી હતી. પરંતુ, અત્યારે ટૂંકું પોલકું (બ્લાઉઝ) પહેરે છે. 'હારલા' (સાડલા)માથે ઓઢવાનો રિવાજ આજે પણ પ્રચલિત છે. સ્ત્રીઓ ફૂલ-પાંદડાંની ભાતવાળો વાદળી, લીલો, લાલ સાડલો વધુ પસંદ કરે છે.

અન્ય સમાજની સ્ત્રીઓની જેમ આદિવાસી સ્ત્રીઓ આભૂષણો અને શણગારની શોખીન હોય છે અને વર્ષના ઋતુચક્ર પ્રમાણે આવતા સામાજિક-ધાર્મિક પ્રસંગોએ વિવિધ આભૂષણોથી દેહને શણગારે છે.

આદિવાસી સ્ત્રીઓનાં આભૂષણો ચાંદી, પિત્તળ, એલ્યુમિનિયમ, મણકા-મોતી અને વત્તા-ઓછા પ્રમાણમાં સોનાનાં હોય છે. પરંતુ, આજના મોંઘવારીના કાળમાં સોનાનાં ઘરેણાં અલભ્ય બનવા લાગ્યાં છે. પગનાં આભૂષણોને 'કરલાં' (કડલાં) અને 'તોરાં' (છડા) કહે છે. જે મોટા ભાગે ચાંદીનાં હોય છે. પગની આંગળીએ 'અગોઠિયા' (વીંટીઓ) પહેરે છે.

હાથે ચાંદીનો કે હાથીદાંતનો 'સૂર' (ચૂડો) અને 'બલોયાં' (બલૈયાં) પહેરે છે. ઉપરાંત કાચની 'કાવરિયો' (બંગડીઓ) પહેરે છે. ગળામાં ચાંદીનો 'વારલો', મણકા-મોતીનું કલાત્મક 'હારિયું' (હાર) અને 'ગોલરાવાળું (ઝૂલવાળું) પાટિયું' પહેરે છે. કાનમાં ચાંદીનાં 'ડોણ્ના' (ડોરણાં) પહેરે છે. પર્વ પ્રસંગે 'ઝૂમરાં' (ઝૂમણાં) પહેરવાનો રિવાજ છે. ચાંદીના આ ઝૂમરાં કાનની નીચે ફૂલની જેમ લટકે છે, જેને ગોળાકારે રૂપાની ઘૂઘરીઓ જોડેલી હોય છે. મેળા અને લગ્નપ્રસંગે સ્ત્રીઓ માથે ચાંદીનું 'બોરિયું' અને 'દામણી' પહેરે છે. બોરિયું મધ્ય કપાળમાં રૂપાના ફૂલ જેવું શોભે છે. નાકે





ચાંદીની 'ફૂલરી' પહેરે છે. મણકા મોતીનાં કલાત્મક 'કૉનૅયા'થી ગજવાં શોભાવે છે.

ગૂંથણકળા આદિવાસી યુવતીઓની આંગળીઓના ટેરવે રમે છે. તેઓ મણકા-મોતીમાંથી હારિયાં, પાટિયાં, હાઠી, કૉનૅયાં જાતે ગૂંથે છે અને તેમાં મોર, કોયલ, ચકલી, પોપટની ભાત પાડે છે. આ ઉપરાંત 'હિરકલી' નામના સોનેરી ઘાસમાંથી પણ આભૂષણો બનાવી શરીર શણગારે છે.

'વૈશ્વિકરણ' અને 'ઉદારીકરણ'ના યુગમાં અન્ય સંસ્કૃતિઓનું આક્રમણ થયું હોવાથી આદિવાસી પુરુષોના પહેરવેશમાં કોઈ ખાસ વિશેષતા રહી નથી. થોડાં વર્ષો પહેલાં (અને અત્યારે કોઈ સ્થાને) સામાજિક-ધાર્મિક પ્રસંગે માથા પર લાલ કે પીળા રંગની શોભી ઊઠે એ પ્રમાણે વિશિષ્ટ રીતે વળ આપીને પાઘડી પહેરતા અને છોગે રૂપાની ઘૂઘરીઓ ટકાવતા. ગળાથી કમર સુધી ટૂંકી બાંયની સફેદ કે ખાખી રંગની 'ઝૂલરી' પહેરતા. ઝૂલરીને ચાંદીના બટનવાળી 'હાંકળી' (સાંકળી) લગાવતા. ઢીંચણ સુધી રહે એ રીતે ધોળું ધોતિયું પહેરતા. કમરમાં છરી કે કટાર ખોસતા. મુખ પર 'કાળી ભમ્મર' મૂછો ફરફરતી. બહાર જાય ત્યારે હાથમાં તીર-કામઠું કે તલવાર તો જીવનસાથીની જેમ સાથે જ રાખતા.

લગ્ન કે મેળા પ્રસંગે કાનમાં સોનાના 'ગંઠોડા' કે 'મરકીઓ' પહેરતા અને ગળામાં ચાંદીની હાંસડી પહેરતા.

### હથિયારો

ભૂમિનો એક વિશિષ્ટ ભાગ પહાડો, જંગલો અને વર્ષોથી રાની પશુઓ વચ્ચે વસતા હોવાથી આદિવાસીઓ પાસે તીક્ષ્ણ અને ઘાતક હથિયારો હોય એ સ્વાભાવિક છે. પરિણામે તીર-કામઠું કે તલવાર વિનાનું 'ખોલરું' (ઘર) શોધ્યુંયે મળે નહીં. સદાનું સાથીદાર કામઠું છ ફૂટ લાંબું હોય છે. તે વાંસની જાડી ચીપમાંથી બનાવેલું હોય છે. તેની પણછ વાંસની પાતળી ચીપની બનાવેલી હોય છે. જે બંને છેડે નસથી











મજબૂત રીતે બાંધેલી હોય છે. 'હરજલી' (બરુ)ના રાડાનું તીર (બાણ) બેસાડવામાં આવે છે. બીજે છેડે મઢેલાં સમડીનાં પીછાં તીરની ગતિનું નિયમન કરી ચોક્કસ લક્ષ્ય પર લઈ જાય છે. ઉપયોગ પ્રમાણે તીર ચાર પ્રકારનાં હોય છે. મથાળે નાના ભાલા જેવાં તીર બેસાડેલાં હોય છે તેને 'ભાલરાં' કહેવામાં આવે છે. ભાથામાં આ તીરની સંખ્યા વધારે હોય છે. અગ્ર ભાગે તીક્ષ્ણ અને બે ઈંચની પછી કટાર જેવો આંકડો વળેલો હોય છે; તેને કટારી કહે છે. ભાલરાનો ઉપયોગ વીંધવા માટે અને કટારીનો ઉપયોગ શત્રુને મારવા માટે કરે છે. છેડે 'હેંગટા' નામના વૃક્ષનું કઠણ ફળ બેસાડે છે. તેને 'લાખાણી' કે 'ટોપી' કહે છે. વૃક્ષ પરથી ફળ પાડતા સમયે અગ્રભાગ ગોળ અને બુઠ્ઠો હોવાથી ડાળીમાં ચોંટી રહે તો નથી. મથાળે તીક્ષ્ણ અને નીચેના ભાગે આમળેલા તીરને 'તુબરખું' કહે છે. માર્યા પછી આમળીને શત્રુને પીડા આપવા આ તીરનો ઉપયોગ થાય છે.

તીર-કામઠા પછી બીજું મહત્ત્વનું શસ્ત્ર તલવાર છે. આ તલવાર સારી જાતની 'ગજાવેલ'માંથી બનાવેલી હોય છે. આથી આ તલવાર પાણીદાર અને ધારદાર હોય છે. તલવારના કાળા મ્યાનની ટોચે રૂપાની ઘૂઘરીઓ મઢવામાં આવે છે. તલવારની મૂઠ સારી જાતના લોઢામાંથી બનાવેલી હોય છે અને કળાત્મક રીતે મઢેલી હોય છે. તલવારનો ઉપયોગ દુશ્મનથી રક્ષણ મેળવવા કરે છે.

કટાર કે છરીનો ઉપયોગ રોજના કામ માટે કરે છે. મહેમાન બનીને જતી વેળાએ ચમડાથી મઢેલા મ્યાનવાળી કટાર કે છરી શોભા માટે પટ્ટાથી કમરે બાંધે છે.





## ઘર (ખોલરું)

આદિવાસીઓ પોતાના ઘરને 'ખોલરું' કહે છે. એક-બીજાથી દૂર પોતપોતાના ખેતરમાં ઘર બાંધવાનો ચાલ હોવાથી આદિવાસી ગામ સાત-આઠ કિલોમીટરમાં પથરાયેલું હોય છે. તેઓ ગામને ફળો, પાડો કે ગૉમ કહે છે. સાત-આઠ ગામના સમૂહને 'સૂડુ' કહે છે. લગ્ન કર્યા પછી થોડા સમયમાં આદિવાસી યુવાન પત્ની સાથે સંયુક્ત કુટુંબથી અલગ થાય છે, અને બાપુકી જમીનમાં બીજું નવું ઘર બાંધે છે.

ઘર બાંધવાનું ખર્ચ સંયુક્ત કુટુંબ ભોગવે છે; અને ગામજનો ઘર બાંધવામાં સહભાગી થાય છે. ઘર બનાવવાના આરંભે ગોત્રદેવ-દેવીના નામનું શ્રીફળ વધેરે છે અને એકઠાં થયેલાં માણસોને ગોળ વહેંચે છે. તેઓ ઘર બાંધવા માટે સાદડ, શિરીષ, વાંસ, ખજૂર વગેરે સ્થાનિક લાકડાનો ઉપયોગ કરે છે.

ઘરને બે ત્રણ ઓરડા હોય છે. ભીંતો પથ્થરોથી ચણી કે માટીથી પેથીને બનાવે છે. માટીનાં જાતે બનાવીને પકવેલાં નળિયાંથી ઘર ઢાંકે છે. જ્યારે ઘર પૂરું બંધાઈ રહે ત્યારે તેઓ 'કેંરવાસો' (ઘરવાસો)ની વિધિ કરે છે. આ વિધિ માટે તેઓ રવિવાર કે મંગળવાર સવિશેષ પસંદ કરે છે. ઘરવાસો કરતી વખતે નજીકના કુટુંબીજનો અને મુખી, મતાદાર, સાધુ, ભૂવા જેવા

ગામના મુખ્ય માણસોને આમંત્રણ આપે છે. આ સમયે 'માતા'ને ખારી પૂજા અને લાપસી ચડાવી આમંત્રિતોને ભોજન આપે છે. ત્યાર પછી વડીલોના આશીર્વાદ લઈને પતિ-પત્ની ગૃહપ્રવેશ કરે છે.



ઘરના આગળના ભાગમાં ઊંચે એક ટોપલું બાંધે છે. રાતના સમયે આ 'પાણ્ના'માં કૂકડાં રહે છે. ઘર આગળ લાકડાને કોરીને એક લંબ ચોરસ 'પારેસું' (કુંડી) બનાવે છે. તેના પર કૂકડાંને આકર્ષવા લાકડાનાં પક્ષીઓ બેસાડે છે. આ 'પારેસા'માં પાણી ભરે છે. જે પાણી તરસ્યાં થયેલાં કૂકડાં પીએ છે.

આદિવાસીઓ આગળના ભાગમાં ઢોર બાંધે છે. ઢોર પાસે વૃદ્ધો સૂએ છે. ઘરના વચ્ચેના કે છેલ્લા ખંડમાં રસોડું અને ઘરવખરી હોય છે. ઘરના એક ખૂણામાં થોડી જગા છોડી કોઠીઓ ગોઠવીને રસોડું બનાવે છે.



## ઘરવખરી

રસોડામાં માટી, પિત્તળ, કાંસું અને એલ્યુમિનિયમનાં જરૂર પૂરતાં વાસણો હોય છે. લોટ બાંધવા માટે લાકડાની કથરોટ વાપરે છે. લાકડું કોરીને 'ડોઈલો' (ચાટવો) બનાવે છે. આ 'ડોઈલો' રસોડામાં ચમચાનું સ્થાન લે છે.

અનાજ ખાંડવા ખાંડણિયો રાખે છે. જેને 'ઉખલ્લો' કે 'ઉખળો' કહે છે. ખાંડવાના સાધનને 'હૉબેલું' કે 'મૂહળ' કહે છે.

ઘરના એક ખૂણે અનાજ દળવાની ઘંટી હોય છે.













# રોજિંદા જી ાે
# ાેી દિ ા ીકળા



### માટીકલા

ઘરમાં અનાજ ભરવાની માટીની કોઠીઓ હોય છે. કોઠીઓ સ્ત્રીઓ બનાવે છે. આ માટે તેઓ તળાવની કાળી-ચીકણી માટી લાવે છે. માટીમાં ઘઉંનું ઝીણું ઘાસ (હુશેલ) અને પાણી મેળવી ગૂંદે છે. આ માટીના પિંડ બનાવી કોઠીઓની રચના કરે છે. આ કોઠીઓ સ્ત્રીઓની પરંપરિત શિલ્પકલાના ઉત્તમ નમૂના જેવી હોય છે. તેઓ અનેક આકાર-પ્રકારની કોઠીઓ બનાવે છે, તેના પર ચંદ્ર-સૂરજ કે તેમને ગમતાં મોર, પોપટ, ચકલી જેવાં પક્ષી તથા ગાય, બળદ, વાછરડાં જેવાં પાલતું પ્રાણીઓની રચના કરે છે. કોઠીઓને અંદરથી ગૂગળના ગુંદરથી લીંપે છે. જેથી તેમાં નાખેલું અનાજ લાંબા સમય સુધી બગડતું નથી. આ ઉપરાંત વિવિધ પક્ષીઓની ભાત પાડેલી ચાલણ-ચૂલી બનાવી રસોડામાં ગોઠવે છે. આ ચાલણ-ચૂલીમાં આગ સળગાવી હાથથી થેપીને નકશીદાર રોટલા બનાવે છે. અને માનતાના માટીના ઘોડા બનાવે છે. કંસારા પિત્તળનાં દેવી-દેવતા બનાવે છે. ઋતુચક્ર પ્રમાણે આવતા ઉત્સવો સમયે આ દેવી-દેવતાને ઘર-ગામ-સીમમાં સ્થાપે છે.



### કાષ્ટકલા

પુરુષો ખજૂરીના પાનના રેસામાંથી દોરડીઓ બનાવી ખાટલા ભરે છે અને ભૂમિતિના વિવિધ આકારોની ભાત પાડે છે. આ ઉપરાંત ઘર રચવા લાકડામાંથી શિલ્પ ખચિત કુંભીઓ બનાવે છે. ઢોલ, તંબૂર, કુંડી, ડોબરુ, તારફૂ જેવાં વાદ્યોની રચના પણ પુરુષો કરે છે અને મોરપીંછ અને 'હિરકલી'ના ઘાસમાંથી બનાવેલાં આભૂષણોથી શણગારે છે.



### ચિત્રકલા

લગ્ન જેવા સામાજિક પ્રસંગે ઘરની દીવાલો સફેદ મરડિયા કે લાલ માટીથી લીંપે છે. કન્યા કે વરને પીઠી બેસાડતી વેળાએ દીવાલો પર ચિત્રો દોરે







છે. ચિત્રો દોરવા માટે દાતણની પીંછી, ચૂનો, ગેરુ અને હવે તો બજારના રંગોના પણ ઉપયોગ કરે છે. આદિવાસીઓની ચિત્રકલા પ્રકૃતિના સાંનિધ્યમાં મનના ભાવો પ્રમાણે મુક્ત રીતે વિલસે છે. ગોતરેજ, શિકારનું દૃશ્ય, ઘોડા, ઘોડેસવાર, ગતિશીલ આગગાડી, બસ, પાલતું પશુઓ, જંગલી પ્રાણીઓ, પક્ષીઓ, વનરાજિ વગેરે ચિત્રો અને રેખાંકનો દીવાલો પર મુક્ત મને દોરે છે. લગ્નપ્રસંગના આરંભ ચિતરાતો ગોતરેજ ઉત્તર ગુજરાતના આદિવાસીઓની ચિત્રકલાનો ઉત્તમ નમૂનો છે.

મધ્ય ગુજરાતના રાઠવા અને નાયકા આદિવાસીઓ કુટુંબ અને પશુઓની સુખાકારી તથા કેતીની બરકત માટે બાબા પીઠોરાની માનતા માની પીઠોરા દેવનાં પૂરી ભીંત ભરીને ચિત્રો દોરે છે અને વિવિધ રંગોથી શણગારે છે. પીઠોરાના ભીંતચિત્રોનું કથાવસ્તુ લગ્નને સંલગ્ન હોય છે. જેમાં પીઠોરીને પરણવા બાબા પીઠોરાની જાન જાય છે અને જાનમાં સગાસંબંધીઓ અને પ્રાણી પક્ષીઓને આમંત્ર્યાં હોય છે.

દક્ષિણ ગુજરાતના વારલી આદિવાસીઓ ઘરને શોભાવવા સફેદ રંગથી વનમાં વસતા લોકોના જીવન વૈભવને ચિતરે છે. ઉત્તર ગુજરાતનો ગોતરેજ,







મધ્ય ગુજરાતનો વિવિધ રંગોથી શોભતો 'બાબો પીઠોરો' અને દક્ષિણ ગુજરાતનાં સૂક્ષ્મ રેખાઓથી મંડિત આદિવાસી ચિત્રો લોકચિત્રકલાની અનોખી સાંસ્કૃતિક સંપદા છે.



## છૂંદણાં

હવે આદિવાસીઓમાં છૂંદણાં છૂંદવાની પ્રથા ખાસ પ્રચલિત રહી નથી. આમ છતાં કેટલાંક સ્ત્રી-પુરુષો શોખ કે શોભા માટે હાથ-પગ-મુખ પર મેળામાં 'મશીન'થી કલાત્મક છૂંદણાં છૂંદવે છે. મોર, મેના-પોપટ, વીંછી અને દેવી-દેવતાથી દેહને શોભાવે છે.

આદિવાસી ચિત્રોમાં પૂર્વકાલીન આદિમાનવની ચિત્રશૈલીનાં દર્શન થાય છે.



કળા આદિવાસી જીવનથી અલગ કરીને જોઈ શકાય નહીં. કળા આદિવાસી સ્ત્રી-પુરુષના જીવન સાથે જોડાયેલી હોય છે અને પરંપરામાં ઊતરે છે. આ કળા એક પેઢી બીજી પેઢીને વારસામાં આપે છે અને આ પરંપરિત લોકવિદ્યા-લોકજ્ઞાન આદિવાસી જીવન સાથે વણાય છે.



# દિ ા ી ા ાજિક ં ાર



### શ્રમ વિભાજન

આદિવાસી જીવનરીતિમાં શ્રમની દૃષ્ટિએ આદિવાસી સ્ત્રી પુરુષ કરતાં વધુ સક્રિય હોય છે. તેમ છતાં કેટલાંક કામ સ્ત્રી-પુરુષો સાથે રહીને કરે છે. કેટલાંક કામ સ્ત્રીઓ એકલી કરે છે જ્યારે કેટલાંક કામ પુરુષો એકલા કરે છે.

ખેતરમાંથી ઘાસ ઢોરોને નાખવું, ખાદ્ય ફળો વીણવાં, ઘરકામ કરવું, લાકડાંના ભારા વેચવા વગેરે કામ સ્ત્રીઓ એકલી કરે છે જ્યારે ખેતર ખેડવું, વાવવું, પાકને અને બળદોને પાણી પાવું વગેરે કામ પુરુષો એકલા કરે છે. હવે ખેતી કે મજૂરી સિવાય સ્ત્રી-પુરુષો સરકારી કે ખાનગી સંસ્થાની નોકરી કરતાં પણ થયાં છે.

### જાતિનાં ગોત્રો

આદિવાસીઓ અનેક શાખામાં વહેચાયેલા છે. આ શાખાને ગોત્ર કહેવામાં આવે છે. ગુજરાતના ઉત્તર, મધ્ય અને દક્ષિણમાં વસતા આદિવાસીઓ ગમાર, ખૈર, ખાંટ, પરમાર, બામણિયા, ચૌહાણ (સુઑણ), ડામોર, જમોરા, શીમળિયા, બારિયા, પાટોલિયા, સગોલા જેવાં વિવિધ ગોત્રો ધરાવે છે. આ ગોત્રોને અટક પણ કહે છે.

વિવિધ ગોત્રો ધરાવતા આદિવાસીઓ બહિર્ગોત્ર લગ્ન પ્રથાને અનુસરે છે. તેઓ પુખ્ત ઉંમરે પોતાના ગોત્ર બહાર લગ્ન કરે છે. આદિવાસીઓના ગોત્ર કે પેટાગોત્રોમાં ઊંચનીચના કોઈ ભેદભાવ હોતા નથી.



દરેકને પોતાના ગોત્રનું ગૌરવ હોય છે. આ ગોત્રો જ અલગ અલગ વસતા તેમને સમૂહમાં બાંધે છે. સામાજિક, રાજકીય, આર્થિક અને કુદરતી આપત્તિ સમયે ગોત્ર-ગોત્રના એક થઈને આવેલી આપત્તિનો સામનો કરે છે. ગોત્ર ભાઈચારાની ભાવના કેળવે છે. આ ગોત્ર જ તેઓને પરંપરિત જીવન જીવવા માટે પ્રેરે છે અને અનેક સામાજિક-ધાર્મિક ઉત્સવો અને અનુષ્ઠાનો કરાવે છે. આમ ગોત્ર જ જંગલમાં અલગ અલગ વિખરાયેલા આદિવાસીઓને સંગઠિત કરવા મહત્ત્વનું પરિબળ બની રહે છે અને અલગ અલગ જાતિથી રક્ષણ આપે છે.



તેઓ  પોતાની જાતિની ગમે તે વ્યક્તિ સાથે ભોજન લે છે અને રિવાજમાં ઠરેલ ક્રમને સાચવીને પોતાની જાતિમાં લગ્ન કરે છે.














# ાઈ ં ં ો

### પિતા

કુટુંબમાં પિતા 'મોટો આદમી' (વડો) ગણાય છે. કુટુંબ તેની આજ્ઞાનું પાલન કરે છે. કુટુંબ પાળવાની જવાબદારી પ્રસંગો તેનાં સલાહ-સૂચનોથી ઊજવે છે. પિતાનું ગોત્રનામ પુત્રને વારસામાં મળે છે અને સગીર દીકરો બાપ સાથે રહે છે. આદિવાસી સમાજમાં અત્યારે પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાની પરિવાર વ્યવસ્થા અસ્તિત્વમાં છે. બાપના વંશ ઉપરથી પેઢીઓ ગણાય છે. આમ છતાં અન્ય સમાજો કરતાં આદિવાસી સ્ત્રી વધુ સ્વતંત્ર છે. સ્ત્રીને તેઓ માનની નજર જુએ છે.

### જયેષ્ઠ પુત્ર

બાપના મરણ પછી કુટુંબની જવાબદારી જયેષ્ઠ પુત્ર પર આવે છે. તે આર્થિક-સામાજિક-ધાર્મિક જવાબદારીઓ નિભાવે છે. ભાઈ-ભાંડુને પરણાવવાની ફરજ પણ તેની થઈ પડે છે.

### કાકા

લગ્ન નક્કી કરવાના પ્રસંગે કાકાની સંમતિ લેવામાં આવે છે. કન્યા શુલ્ક (દાપુ)માં કાકાને ભાગ આપવો પડે છે. લગ્નમંડપમાં કન્યાની પધરામણી કાકા જ કરે છે. સમાજમાં કાકાનું સ્થાન મામા કરતાં ઊંચું છે.

### મામા

સમાજમાં મામાનું સ્થાન નહીંવત્ છે. ભીલ સમાજમાં લગ્ન પ્રસંગે મામેરું લાવવા સિવાય મામાનું ખાસ કોઈ મહત્ત્વ નથી.

### જમાઈ

સાસરીમાં જમાઈને પૂરતું માન આપવામાં આવે છે. છતાં અપુત્ર સસરાની સંપત્તિમાં તે કાયદેસર હકદાર નથી. સાસરીમાં તે ઘરજમાઈ રહી શકે છે પણ મિલકત દીકરીના નામે ચડે છે. સાસુ, સસરા, સાળા વગેરે સંબંધીઓના મૃત્યુ પછી ગોળ ખવડાવી શોક ભગાવવાની સામાજિક વિધિ કરવાની ફરજ જમાઈની હોય છે.

### માતા

આદિવાસી સમાજમાં માતાનું સ્થાન ઊંચું છે. લગ્ન જેવા સામાજિક પ્રસંગે તેનું વિશેષ મહત્ત્વ હોય છે. જમાઈ પોંખવાના પ્રસંગે થાળીમાં મૂકાતા પૈસાની તે હકદાર હોય છે.

ા ્દુ િ અ ે ા ં ઠ





ગુનેગારને જલદી પકડવા માટે ગુનાનો તાત્કાલિક ફેંસલો લાવવા 'ભવાંની કાઢવા'ના 'ધીઝ' કરાવવાની જવાબદારી પણ મુખીની હોય છે. આ પ્રસંગે ગુનેગાર પંચો રૂબરૂ તલવાર (ભવાની)ની અણીથી કૂંડાળું કરી તેમાં ઊભો રહી સૂર્ય સામે જોઈને બોલે છે, 'હે ભવાની માતા ! મેં ગુનો કર્યો હોય તો પાંચ દિવસમાં મને ફૂટી નીકળજે.' પાંચ દિવસમાં બીમાર પડે તો તેને ગુનેગાર ગણવામાં આવે છે. પંચો સાથે ચર્ચા કરી મુખી જાતિના નિયમ પ્રમાણે ગુનેગારને દંડ કરે છે.

### મતાદાર

મુખીથી ઊતરતું સ્થાન 'મતાદાર'નું છે. તે મુખીને ધાર્મિક-સામાજિક કાર્યોમાં મદદ કરે છે. મુખી ગામમાં એક હોય છે, જ્યારે મતાદાર ફળિયા વાર અલગ અલગ હોય છે. ગામમાં થતા સામાજિક-ધાર્મિક પ્રસંગે તેને માન સહિત આમંત્રવામાં આવે છે.

### મુખી

સામાન્ય રીતે ગામની સામાજિક-ધાર્મિક સત્તા મુખીના હાથમાં હોય છે. તે ગામનો 'વડો આદમી' ગણાય છે. મુખી ગામના સામાજિક અને ધાર્મિક પ્રસંગે વિશિષ્ટ હકો ભોગવે છે. આવા પ્રસંગે તેને કેટલીક ફરજો પણ બજાવવી પડે છે. ગામની સુખાકારી માટે અને જાતિના નીતિનિયમો અને રીતિરિવાજોની જાળવણી માટે આ ફરજોનું પાલન કરવાનું હોય છે. ગામમાં પશુઓ અને માણસો ઉપર સામૂહિક રીતે રોગ ફાટી નીકળે તો 'માંદકું' વળાવવું, મેળા, ગોર, નૉરતા જેવા જાહેર ઉત્સવો પ્રસંગે કોઈ માણસ તોફાન ન કરે તેના માટે બંદોબસ્ત કરવો, દિવાસાના દિવસે ગામની સુખાકારી માટે 'લીલવણ' પૂજાવવી, કોઈ સગોત્રીય લગ્ન કરે તો તેને ન્યાત બહાર મુકાવવો, ગામમાં આવતા કોઈ સરકારી અમલદારી રહેવા અને જમવાની વ્યવસ્થા કરવી વગેરે ફરજો મુખીએ નિભાવવી પડે છે.



### ગામ સંગઠન

આદિવાસી વિસ્તારમાં નજીકનાં સાત કે દસ ગામોને જોડીને ગામજૂથો રચવામાં આવે છે. જોડાયેલા પ્રત્યેક ગામજૂથને 'સૂડુ' કહેવામાં આવે છે. આવા પાંચ કે સાત સુડાંના ગામજૂથને 'પટ્ટો' કહે છે. જ્યારે કોઈ મોટા ગામ વિસ્તારમાં કોઈ ધાર્મિક કે સામાજિક પ્રસંગ ઊજવવાનો હોય ત્યારે સુડા સાથે જોડાયેલા પ્રત્યેક ગામના મુખી, મતાદાર અને આગળ પડતા ચાર-પાંચ આગેવાનોને તેડવામાં આવે છે. ગોર, નૉરતું, મેળા જેવા ધાર્મિક પ્રસંગે કે 'નાની ન્યાત' જેવા સામાજિક પ્રસંગે કે ગામમાં ન પતતા ગુનાઓનો ન્યાય મેળવવા સુડાના પ્રત્યેક ગામમાંથી આગેવાનોને આમંત્રે છે. 'મોટી ન્યાત' જેવા મોટા સામાજિક પ્રસંગને ઊજવતાં પહેલાં પટ્ટાના આગેવાનોને આમંત્રે છે.



આવા પ્રસંગોએ સામૂહિક રીતે નિર્ણયો લઈને કામ કરવાની સંમતિ આપી, દેવ-દેવી સન્મુખ ઉજાણી કરી આગેવાનો વિખરાય છે.



ખૂન, સગોત્રમાં લગ્ન જેવા મોટા સામાજિક ગુના કે જેમનો ગામના મુખી દ્વારા ઉકેલ ન આવી શકે એવા ગુના 'સુડા' કે 'પટ્ટા'માં જાય છે, જે સુડા અને પટ્ટામાં સમૂહમાં મળીને ઉકેલે છે. ગામમાં થતી ચોરી, મારામારી, વ્યભિચાર જેવા નાના પ્રકારના સામાજિક ગુનાનો ઉકેલ ગામનો મુખી પંચોની મદદથી લાવે છે.

# ી  દિ ા ી  ાજ





### પૂર્વજનું સન્માનીય સ્થાન

એક નિશ્ચિત ભૂ-ભાગમાં વસતો, એક ભાષા-બોલી બોલતો, સુરક્ષા માટે સંગઠિત રહેતો, આગવી અર્થવ્યવસ્થા અને સમાન ભાવના તથા વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતો આ સરલ સ્વાયત્ત આદિવાસી સમાજ-પૂર્વકાળમાં આદિ-સ્ત્રી-પુરુષ પૂર્વજના વંશમાંથી વિકાસ પામી, કુટુંબ-કુળ-ગોત્રો અને વિકેન્દ્રિત ગામોમાં વિસ્તર્યો છે. આવો સમાજ કુળ કે ગોત્રનાં સગાંસંબંધીથી બનેલો હોય છે. આથી જમીન, જંગલ અને પાણીના સ્ત્રોતોની માલિકી વ્યક્તિગત હોતી નથી પણ પૂરા સમાજની હોય છે. પૂર્વજો તરફ સન્માનની ભાવના હોવાથી જમીન પર વરિષ્ઠ વ્યક્તિઓનો સન્માનીય અધિકાર હોય છે. તેઓ વંશના દરેક સભ્યને જમીન જાયગ મળે તેવી સમાન વહેંચણી કરે છે. આવી વ્યક્તિને સંપત્તિ પર સન્માનીય અધિકાર હોય છે પણ સત્તા હોતી નથી. આવી વરિષ્ઠ વ્યક્તિ સમાજની સંપત્તિ કે કુદરતી સ્ત્રોતો પર કર નાખી શકતી નથી તેમજ વેચી પણ શકતી નથી. જમીન, જળ કે જંગલ પર સમગ્ર વંશનો કે કુળનો અધિકાર હોય



છે. આમ સ્થાન, ગામ કે દેશનો માલિક સમગ્ર વંશ, કુળ કે જાતિ હોય છે અને આ સહભાગિતામાંથી એક સમાન 'લોક' આવિર્ભાવ પામે છે.



પૂર્વજપૂજા અને પૂર્વજ પ્રત્યે સન્માનની ભાવના હોવાથી વરિષ્ઠ વ્યક્તિના મરણ પછી ધાર્મિક અનુષ્ઠાન કરી પૂર્વજને જીવતા દેવ તરીકે દેરીમાં સ્થાપે છે. આ સ્થાનેકથી પસાર થતાં સ્ત્રીઓ મલાજો પાળવા માથે ઓઢે છે; અને કુટુંબીજનો પર્વ પ્રસંગે પૂજા કરી પૂર્વજ દેવને ભેટ ચઢાવે છે. દેવ પણ કુટુંબ કે ગોત્ર પર આવેલી આપત્તિ ટાણે સહાય કરે છે એવી ભીલ આદિવાસી સમાજની દૃઢ માન્યતા છે. આવી માન્યતાને લીધે મૃત પૂર્વજ પણ તેમના સામૂહિક ચિત્તમાં સાથે જીવે છે.

અન્ય ગ્રામ અને નગર સમાજની તુલનામાં આ સમાજમાં લિંગભેદની ભાવના વિના સ્ત્રી-પુરુષને સમાન અધિકાર મળતો હોવાથી સ્ત્રી તરફ પણ સન્માનની ભાવના હોય છે. આથી માતાના મૃત્યુ પછી તેનાં અસ્થિ (ફૂલ) કુંભમાં મૂકી ઘરમાં 'હિતદેવી' તરીકે સ્થાપે છે. પત્નીના મૃત્યુ પછી તેનું એક ઘરેણું કુંભમાં મૂકી 'લૉગદેવી' તરીકે સ્થાપે છે. આ પૂર્વજ દેવીઓ પરિવારમાં હિતરક્ષક માતૃદેવીઓનું સ્થાન લે છે.

### સમાજમાં સ્ત્રીનું સ્થાન

પૂર્વકાળમાં નિસર્ગની સંપત્તિમાંથી યોગક્ષેમ (જીવનપાયન)ની પ્રવૃત્તિઓ ચાલી હોવાથી અને કુદરતી આપત્તિઓ અને જંગલી પ્રાણીઓના શિકાર માટે સમૂહમાં સાથે રહેવું પડ્યું હોવાથી આદિવાસી સમાજ આર્થિક-સામાજિક ઊંચ-નીચના સ્તરભેદ વિનાનાં જીવનમૂલ્યો વિકસ્યા છે. આ જીવનમૂલ્યોમાંથી સમાનતાવાદી-સમતાવાદી સરળ સમાજ ઊભો થયો છે. વર્તમાન ભીલસમાજ પિતૃવંશીય, પિતૃસ્થાનીય અને પિતૃસત્તાક કુટુંબવ્યવસ્થા ધરાવતો હોવા છતાં સ્ત્રી અન્ય ગ્રામ અને નગરીય સમાજની સ્ત્રીની તુલનામાં વધુ સ્વતંત્ર છે. સમાજમાં તેનું સ્થાન ઊંચું છે. પુત્ર કે પુત્રીના જન્મ સમયે લિંગભેદની ભાવના વિના સમૂહમાં જન્મોત્સવ માણવામાં આવે છે; અને પરિવારમાં સમાન ભાવે ઉછેરવામાં આવે છે. લગ્ન વર-કન્યા અને માતા-પિતાની પસંદગીથી થાય છે. સમાજમાં ગોઠિયા-ગોઠણ (પ્રેમી-પ્રેમિકા) કરવાની પ્રથા હોવાથી કન્યાના લગ્ન પહેલાંના અન્ય પુરુષ પ્રેમી સાથેના જાતીય સંબંધો ધ્યાનમાં લેવામાં આવતા નથી.







વિવાહ પ્રસંગે કન્યાના પિતાને આપવું પડતું કન્યાશુલ્ક વર પાસે ન હોય તો કન્યાના પિતૃગૃહે ખેતીકામમાં જોતરાવું પડે છે. કન્યાશુલ્ક જેટલી મજૂરી પૂરી થાય પછી પિતા પુત્રીના વિવાહ કરાવે છે. સંતાનોની સગાઈ પ્રસંગે માતા અને કાકીની સંમતિ લેવામાં આવે છે.

લગ્ન સમયે પિતા તરફથી મળેલાં દાન-ભેટ-સોગાદ પર સ્ત્રીનો અધિકાર હોય છે. બહુપત્નીત્વનો રિવાજ હોવાથી જમીન-જાયગ અને ઢોર-ઢાંખર વહેંચણી પત્નીઓ પ્રમાણે થાય છે.

અણબનાવ થતાં સ્ત્રી-પુરુષને છૂટાછેડા લેવાનો અને પુનર્લગ્ન કરવાનો સમાન અધિકાર હોય છે. પુનર્લગ્ન પછી પણ સ્ત્રી પૂર્વપતિથી થયેલાં સંતાનોની દેખભાળ કાઢવા આવી શકે છે અને રાતવાસો ગાળી શકે છે. નવજાત શિશુને ઉછેરી-મોટું કરી મૂળ પતિને સોંપી શકે છે. નવો પતિ તેનો વિરોધ કરતો નથી. આ સમાજે આપેલા સ્ત્રીના અધિકારો છે.

વિધવા થયેલી સ્ત્રી પરિવારની સંમતિથી મૂળ પતિના ઘેર બીજો પતિ લાવી શકે છે અને પરિવારમાં આર્થિક અને સામાજિક અધિકાર પ્રાપ્ત કરી શકે છે.

નાસી જઈને કરેલા લગ્નમાં કન્યાના પિતાને દાપું આપ્યા પછી પતિ-પત્ની કાયદેસરનું સાંસારિક જીવન શરૂ કરે છે. પૌઢાવસ્થા પાર કર્યા પછી આર્થિક સ્થિતિ સારી થાય અને હૃદયમાં સૂતેલી સમાજસ્વીકૃત લગ્નપ્રણાલી પ્રમાણે લગ્ન કરવાની મહેચ્છા બળવત્તર બને તો પોતાનાં સંતાનોની હાજરીમાં પતિ-પત્ની વાજતે-ગાજતે લગ્ન કરે છે. તેમનાં સંતાનો પણ  માતા-પિતા, દાદા-દાદીની જાનમાં જાય છે અને ખુલ્લા દિલે હર્ષ-ઉલ્લાસ સાથે ગીતો ગાતાં અને નૃત્યો કરતાં માતા-પિતા, દાદા-દાદીને વિધિસર પરણાવી પોંખીને ઘેર લાવે છે.

આદિવાસીઓના પારગી જેવા ગોત્રમાં સ્ત્રીના પિતાનું ગોત્રનામ સાસરીમાં પણ ચાલુ રહે છે. ગોત્રદેવ તુંબરાજના પ્રતીકરૂપે ધોળી ધજા પતિના આંગણે ફરકાવે છે અને દિવાળીના પૂર્વ ગોત્રદેવની પૂજા કરી ભોગ ચડાવે છે.

મહામાર્ગી પાટના ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગે સ્ત્રી ગુરુના સ્થાને હોય છે. આ પ્રસંગે તેનો આદેશ માનવામાં આવે છે. ભીલ સમાજમાં વર્તમાનમાં પ્રચલિત આ અને આ બીજી એક સામાજિક-ધાર્મિક બાબતો તેમની પર્વકાલીન માતૃસત્તાક સમાજવ્યવસ્થા અને જીવનરીતિને પ્રગટ કરે છે. આ અને અન્ય સામાજિક-ધાર્મિક બાબતો તેમનાં સાંપ્રતમાં ગવાતાં અસંખ્ય લોકગીતો, કથાગીતો, ગીતકથાઓ, ભારથ, રૉમસીતમા, રાઠોરવારતા, ગુજરાંનો અરેલો જેવાં લોકમહાકાવ્યો અને તોળીરૉણી, રૂપાંરૉણી, દેવરાની વારતા, કૉબરિયા ઠાકોરની વારતા જેવાં

લોકાખ્યાનો અને પુરાકથાઓનાં વિધાયક પરિબળો કે સર્જન-સ્ત્રોત છે.

આમ છતાં ભીલ સમાજમાં પૂરેપૂરો સ્તરીકરણનો અભાવ હોય છે એવું નહીં કહી શકાય. મુખી, મતાદાર, ભૂવા, સાધુ, પંચ વગેરે સમાજમાં ઊંચું સ્થાન ભોગવે છે. તેઓ સમાજોપયોગી કાર્યો કરતા હોવાથી સમાજના અન્ય સભ્યો સન્માન આપે છે. આથી તેઓ વિશેષ સામાજિક-ધાર્મિક-આર્થિક અધિકારો ભોગવે છે. આ વિશેષ અધિકારો પ્રસંગે પૂરતા જ હોય છે. દૈનિક જીવન વ્યવહાર અને સામાજિક સંબંધોમાં સમાનતાનાં દર્શન થાય છે. ભીલ સમાજમાં અન્ય ગ્રામ અને નગરના સમાજો જેવા સંકુલ સામાજિક-ધાર્મિક-આર્થિક સ્તર જોવા મળતા નથી. આમાં પૂર્વકાળમાં નાણાંની બદલીમાં થયેલ ચીજવસ્તુના વિનિમયે પણ ભાગ ભજવ્યો છે. વસ્તુ વિનિમયની આ પ્રથામાંથી આર્થિક રીતે સમાન સમાજ ઊભો થયો છે.

## સહભાગી સમાજ

વરસાદ-આંધી-દુષ્કળ-ધરતીકંપ જેવી વારંવાર રૂપ બદલતી કુદરતી આફતો, હિંસક પશુઓ સામે ઝીલવા પડતા પડકારો અને શિકાર મેળવવા કરવી પડતી દોડાદોડીમાં એકબીજાના સહયોગની આવશ્યકતા ઊભી થઈ હોવાથી - આ સંકટગ્રસ્ત પરિસ્થિતિઓનો સમૂહમાં સામનો કરવાની જીવનરીતિમાંથી આદિવાસી સહિયારી સંસ્કૃતિ આવિર્ભાવ પામી છે.

ભીલસમાજ સહકાર અને સહભાગિતાના પાયા પર રચાયેલો હોવાથી લોકજીવનના પ્રત્યેક ક્રિયા-કલાપોમાં સહયોગ અને ભાગીદારીનાં દર્શન થાય છે. સમાજમાં જન્મથી આરંભી મૃત્યુ સુધીની સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓ સમૂહમાં એકબીજાના સહકાર અને સહભાગિતામાં કરે છે. સહિયારાં દેવ-દેવીઓના સન્મુખ ગીતો-મહાક્વ્યોય સમૂહમાં ગાય છે; નૃત્યો સમૂહમાં કરે છે; તથા ધાર્મિક અનુષ્ઠાનો અને સામાજિક સંસ્કારો સંલગ્ન વિધિ-વિધાનો સહભાગિતામાં કરે છે. આબાલ-વૃદ્ધ સ્ત્રી-પુરુષોનો સહયોગ અને ભાગીદારી ઘનિષ્ઠ હોય છે. આથી સહિયારાં દેવ-દેવીઓ સન્મુખ પ્રકૃતિ, પશુ અને માનવી-સૌનું સામૂહિક કલ્યાણ વાંચ્છે છે.





એક જ વંશ, એક કુળ કે ગોત્રનાં સગાં-સંબંધીથી રચાયેલો આ સમાજ કે 'લોક' ઘર એકબીજાના સહયોગથી રચે છે. જીવનયાપનની આર્થિક પ્રવૃત્તિઓ-જેવી કે ખેતી અને પશુપાલન એકબીજાના સહયોગથી કરે છે અને શિકારે પણ સામૂહિક રીતે જાય છે.

આદિવાસી સમાજમાં સમાનતા હોય એવાં અનેક ગોત્રો હોય છે. આ ગોત્રોમાં સહયોગની ભાવના પ્રબળ હોય છે અને ગોત્રના સભ્યો એકબીજાનું રક્ષણ કરે છે. જાતિમાં જ લગ્નપ્રથા અસ્તિત્વમાં હોવાથી આદિવાસી સમાજમાં એકતા જળવાઈ રહે છે. વંશ-કુળમાં પુરુષ વ્યક્તિનું પ્રભુત્વ ધીમે ધીમે વધ્યું હોવાથી પિતૃસત્તાક સમાજવ્યવસ્થા અસ્તિત્વમાં આવી હોવા છતાં ભીલ સમાજમાં સ્ત્રી-પુરુષની સહભાગિતા અખંડ બની રહે છે. પરિણામે પુરુષના અહમથી સ્ત્રીના વ્યક્તિત્વનું હનન થતું નથી.



આમ, પૂર્વકાળથી આજ સુધીની માનવસમાજની સહભાગિતાએ જ 'લોક'નું રૂપ ધર્યું છે.

### નિસર્ગ સમાજ

જેનાથી જીવન બન્યું છે, એ જીવન રચવાવાળાં પ્રાકૃતિક તત્ત્વો-પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશનું ગૌરવ કરવું અને તેમના તરફ કૃતજ્ઞતા અને પૂજ્યભાવ દાખવવો એ ભીલ આદિવાસી નિસર્ગ સમાજનું જીવદર્શન-ધર્મદર્શન છે. જળ આપતા મેઘને ઈન્દ્ર (એંદર) ગણી ઉપાસવો, ફળ, ફૂલ એ ઘાસચારો આપતા અને ઋતુ પ્રમાણે અનેક રૂપ ધરતા પહાડને દેવ ગણી પાલતું પશુ બીમાર પડે ત્યારે તેની માનતા માનવી, પ્રકૃતિના રૌદ્રરૂપ વંટોળને અનાજનો રક્ષકદેવ 'રખી' ગણવો અને તેની પૂજા કરવામાં ન આવે તો ખળામાં તૈયાર થયેલું અનાજ ઉઠાવી જશે એવી ધાર્મિક માન્યતા દઢ થવી વગેરે બાબતો આદિવાસી લોકજીવન પ્રકૃત્તિ તત્ત્વો સાથે ઓતપ્રોત હોવાનું સૂચન કરે છે. તેમના તરફના પૂજ્યભાવમાંથી 'રૂરવો ભાંખર' (રૂડો ડુંગરદેવ), 'તુંબરાજ', 'કાળો મગરો' (કાળો ડુંગરદેવ માણેકનાથ) વગેરે પૂરા પ્રદેશના 'લોક'ના પ્રાકૃતિક પહાડદેવ આવિર્ભાવ પામ્યા છે. આ લોકદેવોની માનતા માની, તેમને રીજવવા અસંખ્ય ધાર્મિક ગીત-નૃત્યો જન્મ્યાં છે. તેમના તરફની પ્રગાઢ શ્રદ્ધાને લીધે એક માણસ-પશુ સાજાં-નરવા થયા છે. પૃથ્વી પરના આ પ્રાકૃતિક દેવોએ બદલાતી પ્રકૃતિ પ્રમાણે અનેક રૂપ ધરી લોકજીવનમાં આનંદ અને આસ્થાના ભાવો જગવી ગહ, વધામણાં, ગોર, દિવાળી, હોળી જેવા ઉત્સવોનો સહજ વિકાસ કર્યો છે. આ ઉત્સવો ઋતુચક્ર અને જીવનચક્ર સાથે જોડાયા છે.

### દેવી-દેવતાનો પ્રાગૈતિહાસિક સંબંધ

ઈન્દ્ર, વરુણ, વાયુ, અગ્નિ, વિષ્ણુ, સોમ, રુદ્ર, બૃહસ્પતિ, લક્ષ્મી, ઉષા વગેરે ઋગ્વેદકાલીન દેવ-દેવી દ્યુલોક (સ્વર્ગલોક), અંતરિક્ષ (આકાશ) અને પૃથ્વી પર વસે છે. પાતાળમાં વસતા કોઈ દેવ-દેવીતાનો ઉલ્લેખ ઋગ્વેદમાંથી પ્રાપ્ત થતો નથી. જ્યારે ભીલ સમાજના પ્રમુખ દેવી-દેવતાનો સંબંધ પાતાળ અને જળ સાથે છે. તેઓ જળમાંથી જ આવિર્ભૂત થાય છે. તેમના આદિ દેવ જળુકાર ભગવાન અને શિવ જળમાંથી ઉત્પન્ન થઈ પૃથ્વી પર વસ્યા પછી જ સ્વર્ગ અને કૈલાસપુરીમાં જાય છે. ઋગ્વેદકાલીન દેવ રુદ્રને મળતો આવતો ક્રોધી દેવ કૉબરિયો ઠાકોર આરંભ પાતાળમાં જ વસે છે. તેના ધાર્મિક અનુષ્ઠાન સમયે ગુરુ મેળવવા ઈન્દ્રદેવ (એંદરદેવ) અને પવનદેવને પાતાળમાં વાસુકિ અને તેની માતાના સાંનિધ્યમાં આવવું પડે છે. આ સંશોધકે સંપાદિત કરેલી ધરણ નં મનખવાતર, દેવરાની વારતા, મોતીચરાની વારતા વગેરે સાત જેટલી વારતાઓ (પુરાકથાઓ)નો આરંભ જળપ્રલયથી થાય છે અને ઋતુચક્ર પ્રમાણે આવતાં પ્રમુખ ધાર્મિક પર્વ-પ્રસંગો અને મેલાં-ચોખ્ખાં અનુષ્ઠાનો સંલગ્ન ગવાય કે કહેવાય છે. તેનું મહત્ત્વનું કારણ જળ અને જંગલ સાથે તેમનો સંબંધ પ્રાગૈતિહાસિક માનવ જેટલો પૂર્વકાલીન છે અને તેમની યોગક્ષેમની પ્રવૃત્તિઓ તેના આધારે ચાલી છે.

આ ઉપરાંત જળ, વાયુ, સૂર્ય, ચંદ્ર જેવા પ્રાકૃતિક તત્ત્વોનું દેવીકરણ થયેલું જોઈ શકાય છે. આવાં પ્રાકૃતિક તત્ત્વોમાંથી જ ભીલોની અંબાવ, ચામુંડા, કુંવારકા, ટુટી-ટાવળી, ખાંડી-ખાપરી જેવી નવ-લાખ આધિદૈવિક દેવીઓ અને આગળ જતાં દ્રૌપદી, કુંતી જેવી માનવી દેવીઓ તથા જળુકાર ભગવાન, ગુણકો, ભેરવ, મહામાર્ગી પાટનો ધૂળાનો ઠાકોર, દેવરાનો ઠાકોર અને કૉબરિયા ઠાકોર જેવા ભાવાત્મક દેવો આવિર્ભાવ પામ્યા છે.

વળી નિષાદો કૃષકો હતા. આથી પ્રકૃતિ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતી કૃષિની દેવી સીતા પ્રાકૃતિક તત્ત્વોમાંથી આવિર્ભાવ પામી છે.

# દિ ા ી દશ ંસ્કૃ િ ં દા

### નૃત્ય-નાટ્ય-વેશ

વર્ષના ઋતુચક્ર અને જીવનચક્ર પ્રમાણે આવતા પર્વ-પ્રસંગે આ દેવી-દેવતાઓ પર ગાઢ આસ્થાને લીધે તેમને ઉપાસવા માટે અનેક ધાર્મિક અનુષ્ઠાનો, વિધિ-વિધાનો, નૃત્યો ગીતો, મંત્રો, પુરાકથાઓ, આખ્યાનો અને મહાકાવ્યો પ્રાદુર્ભૂત પામ્યાં છે અને તેમને પ્રભાવી બનાવવા અનેક વાદ્યોનો જન્મ થયો છે. આથી આદિવાસીઓના આ નૃત્ય, નાટ્ય, સંગીત, ગીત, પુરાકથા, લોકમહાક્વોયના સાંસ્કૃતિક લલિતકલા વૈભવનાં દર્શન પર્વ-પ્રસંગે જ થઈ શકે, અને આવાં સ્વરૂપો ઉત્સવના વાતાવણમાં જ કલામરૂપ ધરે છે. આથી લલિત સાંસ્કૃતિક વૈભવ ધાર્મિક-સામાજિક ઉત્સવોના વાતાવરણમાં જે સ્થળે અને સમયે કલામરૂપ ધારણ કરે છે, તે સ્થળ અને કાળના વાતાવરણના સંદર્ભમાં જ, આ આદિવાસી 'લોક' સાથે હળીમળીને અને આ વિધિઓમાં સહભાગી થઈને જ પામી, માણી શકાય. વર્ષના ઋતુચક્ર અને જીવનચક્ર સંલગ્ન આ ઉત્સવો બે વિભાગમાં વહેંચી શકીએ: (1) ધાર્મિક ઉત્સવો અને (2) સામાજિક ઉત્સવો. આદિવાસીઓની જીવનઊર્જા અને આંતરિક સત્ત્વ સાથે પ્રગટતાં નૃત્ય, નાટ્ય, સંગીત, કથાના વૈભવનાં દર્શન આવા પ્રસંગોએ જ થાય છે.

### ધાર્મિક ઉત્સવો સંલગ્ન નૃત્ય-નાટ્ય-વેશ

આર્થવેદના ઋષિએ પૃથ્વી સૂક્તમાં લખ્યું છે:

**यस्मात् नृत्यन्ति गायन्ति यैतवा ।**

અર્થાત્ એલના વંશજ પોતાની જ માતૃભૂમિમાં નૃત્ય અને ગીત દ્વારા પોતાનું મનોરંજન કરે છે. આ વિધાન ગુજરાતના ઉત્તર-પૂર્વ-દક્ષિણમાં વસતા આદિવાસીઓ માટે એટલું જ સાચું છે. તેઓ પોતાના માટે જ નાચે છે અને પોતાના માટે જ ગાય છે. અહીંના લોકો અને ધરતી નૃત્યમય અને ગીતમય છે. વર્ષા અને વસંતમાં અત્યંત મનોરમ લાગતો આ અંબાજીથી ઉમરગામ સુધીનો પહાડી પ્રદેશ કંઈ કેટલાયે સ્વરોમાં નાચે છે અને ગાય છે. કઠોર અને વિષમ આર્થિક પરિસ્થિતિમાં પણ નૃત્ય અને ગીતના ઉલ્લાસ સાથે ગાવું એ અહીંની લોકસંસ્કૃતિનું આગવું લક્ષણ છે. જાણે કે આ ધરતીનું હૃદય જ સંગીતમય છે.

### નોરતાનૃત્ય

આદિવાસીઓ નૃત્ય, નાટ્ય, વાદ્ય અને સંગીતની ઉત્પત્તિ વિશે એક પુરાકથા છે. તેનો કેટલોક અંશ આ પ્રમાણે છે:

નવ લાખ દેવીઓને પોતાના અસ્તિત્વની યુગોયુગો સુધી નિશાનીઓ રાખવાની મહેચ્છા જાગી. આથી એમણે દૂધિયે દેવળે અંબાદેવી અને ભગવાનના સાંનિધ્યમાં એક સભા બોલાવી. આ સભામાં પૃથ્વી પર 'નૉરતું' રમવાનું નક્કી કરવામાં આવ્યું. આ માટે અનેક સાહકો કરીને નવ લાખ દેવીઓએ સાતમા પાતાળમાં વસતા વાસુકિનાગના મુખમાં રહેલાં સિંદૂરરંગી વડ અને લીલા વાંસનાં બીજ પ્રાપ્ત કર્યાં. પૃથ્વી પર વડ ઉછેરી તેની છાયામાં વાંસનો ધજાનો દંડ બનાવી નૉરતું નાચવાની શરૂઆત કરી. પરંતુ,





હોય છે. તેને 'બૂટો' કહે છે. નવ લાખ દેવીઓના પ્રતીક રૂપે ચાર પુરુષો દેવીઓનાં સ્વાંગ લે છે. તેને 'રાઈયો' કહે છે. એક ઊંચા જાડા લીલા વાંસની ટોચે દેવીનું ત્રિશૂળ મઢી ધજા ફરકાવે છે. તેને નેજો કહે છે. વાંસના ટોપલાને લાલ કપડાથી મઢી તેમાં મકાઈના દાણા પાથરી દેવીની ચાંદીની મૂર્તિ પધરાવી તેની સન્મુક ઘીનો દીવો પ્રગટાવે છે. આને નવ લાખ દેવીઓનું પારણું કહે છે. એક વ્યક્તિ તેને નવ દિવસ અખંડ જ્યોત સાથે સાચવે છે. આ નૉરતા સાથે દસથી પંદર ભોપા સાથે રહે છે અને નૉરતું નાચવામાં સહભાગી થાય છે.

નૉરતું રમવાની મજા આવી નહીં. નૃત્યના થેકા બરાબર લેવાતા નહોતા. આથી દેવીઓ મેરુ-સુમેરુ (મેર-સીમેર) પર્વત પર ગઈ. પર્વતની ગુફામાં ભોળો ભીલ ઢોલ વગાડી રહ્યો હતો. નવ લાખ દેવીઓએ ભોળા ભીલને ઢોલ વગાડવા નોરતામાં સામેલ કર્યો. નૉરતું નાચવામાં વધુ ઝમક આવે એટલે લીલા વાંસમાંથી વાંસળીની રચના કરી. ગણેશની આગેવાની નીચે નવ લાખ દેવીઓ ઢોલ અને વાંસળીની સંગતમાં નવ દિવસ પૃથ્વી પર નૉરતું નાચી. તે દિવસથી આ પૃથ્વી પર નોરતાના સાથે નૃત્ય, સંગીત અને ઢોલ-વાંસળી જેવાં વાદ્યો અસ્તિત્વમાં આવ્યાં એવું આદિવાસી સમાજનું માનવું છે.

આ નવ લાખ દેવીઓની સ્મૃતિમાં ઉત્તર ગુજરાતના આદિવાસીઓ આસો સુદ એકમથી નવ દિવસ ઉપવાસ કરી 'નૉરતું' નાચે છે.

આ માટે નવ લાખ દેવીઓએ વાસુકિનાગના મુખમાંથી વડ અને વાંસનાં બીજ લાવવા જે સાહસો અને મહિમાભર્યા કાર્યો કર્યાં હતાં તથા ગણેશની આગેવાની નીચે નૉરતું રમી હતી તે પુરાકથાનું નૉરતાના પર્વે આદિવાસીઓ નાટ્ય નૃત્યરૂપ આપે છે. સ્વાંગ લેનાર બધા જ પુરુષો હોય છે. એક વ્યક્તિ લાકડાનું મહોરું પહેરી ગણેશનો વેશ લે છે. તેના હાથમાં લાકડાનું ખાંડું

પહેલાં દેવીના સ્થાનકે, પછી ગામમાં ઘેર ઘેર અને અંતે 'સૂડા'ના ગામોમાં 'ઢમસળીઓ' (ઊભો) ઢોલ વગાડી નૉરતું રમવાની શરૂઆત કરે છે. 'રાઈયો' અને ભોપા મૂળ સ્થાન પર ફરીને પગનો ઠેકો લે છે અને જોરથી 'ફોઈ રે ફોઈ' બોલે છે. આ નૃત્ય થોડો સમય સુધી એકધારું ચાલ્યા કરે છે. 'બૂટો' 'રાઈયો'ની વચ્ચે માથું હલાવી ખાંડા (તલવાર)ની મદદથી નાચે છે. તે વિધ-વિધ પ્રકારે અવળું નાચીને બધાને હસાવે છે. આ પછી દરેક જણ એકબીજાની બગલમાં હાથ નાખીને ગોળાકારે સાંકળ બનાવે છે અને વર્તુળાકારે જોરથી ફરીને નાચે છે.

ઘરમાલિક નૉરતાનું સ્વાગત કરી પારણામાં દેવી સન્મુખ બળતા દીવામાં ઘી પૂરે છે અને એક રૂપિયો મૂકે છે. વધારાનું ઘી જુદા પાત્રમાં એકઠું કરે છે. દરેક ઘેરથી નેજાને એક એક ધોતિયું બાંધવામાં આવે છે. નેજા પર ધોતિયાંની સંખ્યા વધી જાય એટલે શ્રીફળ વધેરીને ધોતિયાં ઉતારી લે છે. આ ધોતિયાં નૉરતું સંપન્ન થયે સહભાગી વ્યક્તિઓ વહેંચી લે છે. ઉપરાંત ઘરમાલિક અને કિલોગ્રામ ઘઉ અથવા મકાઈ આપે છે, જેનો ઉપયોગ દશેરાનો મહોત્સવ ઊજવવા માટે થાય છે.

## ખોદહાનો વેશ



આસો વદ દશમથી આદિવાસી વિસ્તારમાં યુવાન-યુવતીઓ 'ખોદહા'નો વેશ કાઢે છે. આ વેશ રાતે કાઢે છે. એક યુવાન પૂરા શરીર પર ડાંગર, કોદરા કે બંટીનું પરાળ (સૂકું ઘાસ) બાંધે છે. માથા પર લીંબડા કે પીપળાની નાની ડાળી ખોસીને છોગું બનાવે છે. 'ખોદહા'ના હાથ, પગ એ મુખ મેશથી રંગી કાળાં કરે છે. પાછળ ખજૂરીનાં પાનની ઊભી પૂંછડી બાંધે છે. બંને હાથમાં ખજૂરીનાં લાંબા 'ફણગાં' (પાન) પકડે છે. યુવતીઓનાં ગીતો સાથે ખોદહું ખોલરે ખોલરે (ઘરેઘરે) નાચે છે. તે વિશિષ્ટ પ્રકારે નાચીને એકઠા થયેલા લોકસમુદાયને હસાવે છે. યુવતીઓ પણ તેની સાથે ઊંચા ઊંચા ત્રણ થેકડા લઈને નાચતી નાચતી ગાય છેઃ

નાસ રે ખોદા નાસ,

તનં કિરારી કૂતરી દઉં રે !

છેવડે ખોદડું નાચતાં નાચતાં રિસાઈને જમીન પર પડે છે, અને કોઈપણ પ્રકારે ઊઠતું નથી ત્યારે સ્ત્રીઓ ગાય છે :

બાર રે મઈનાંનું ખોદું

સોળી મોંગ રે !

ઘરમાલિક ખોદાને ચોળા અથવા મકાઈ આપે છે ત્યારે તે ઊભું થાય છે. પૂરી રાત નાચ્યા પછી યુવના-યુવતીઓ વહેલી સવારે નદી કે સરોવર કિનારે જઈ ચોળા-મકાઈની 'ગૂગરી' બાફે છે અને ખાઈને વિખરાય છે.

## ધૂળાના પાટનાં ભજનનૃત્યો-વાંદરાનો વેશ

ભાદરવા માસમાં શનિવાર રાતે કુટુંબની સુખાકારી માટે ઉત્તર ગુજરાતના આદિવાસીઓ ધૂળાનો પાટ (મહામાર્ગી પાટ) પૂરે છે. નિયત શનિવારની રાતે આમંત્રિત સાધુમંડળીનું આગમન થાય છે. પ્રમુખ સાધુ ધૂળાના ઠાકોરની સન્મુખ ચાર સાધુની ખૂંટ તરીકે નિયુક્ત કરે છે. આ સાધુ ધાર્મિક અનુષ્ઠાનની તમામ વિધિ સંભાળે છે. મધ્યરાત્રિ પછી બ્રહ્મમુર્હૂતમાં સફેદ કાપડ પર લાલ કાપડ (જે શિવશક્તિનું પ્રતીક ગણાય છે) પાથરી સામાના સફેદ દાણાથી ચંદ્ર-સૂરજ, હનુમાન, પાંચ પાંડવ, વાસુકિ નાગ, પડોર ગાય, જળપગી ઘોડો જેવી એક ધાર્મિક આકૃતિઓ બનાવી મંડળની રચના કરે છે. આ મંડળમાં 'સિતરી જ્યોત' પ્રગટાવી મુખ્ય સાધુ ગુરુ-ચેલા બનાવવાની વિધિ કરે છે. મંડળની સન્મુખ સાધુમંડળી ભારથ, રૉમસીતમાની વારતા, રાઠોરવારતા, ગોપીચંદ, રૂપારાણી, તૉળીરામી જેવાં મહાકાવ્યો અને લોકાખ્યાનોની અધ્યાત્મ અને ભક્તિરસને પોષક પાંખડીઓ તંબૂર અને મંજીરાની સંગતમાં ગાય છે. એકઠો થયેલો લોકસમુદાય તંબૂરના સ્વર સાથે ઘાયલ થયેલા સાપની જેમ દેહને વિવિધ વળ આપી ભજનનૃત્યો કરે છે. આ સમયે દરેક વ્યક્તિની નાચવાની આગવી વિશેષતા હોય છે. તેમના દેહનો લય બળવાન હોય છે. અબાલ-વૃદ્ધ સ્ત્રી પુરુષો નૃત્યમાં તન્મય બને છે અને સાધુ તથા રાગિયા વાંદરાનું ભજન ઉપાડે છેઃ

બીઝ થવારિયો દન, વનરા ભલે આઈયો રે...

આ ભજનના આરંભની સાથે એક માણસ શરીરે રાખ ચોળી, મુખની ચારેબાજુ બકરાના વાળવાળી ખાલ બાંધી વાંદરાનું રૂપ લઈને નૃત્ય કરતો કરતો સમૂહની

વચ્ચે આવે છે. તે વાંદરાની લાક્ષણિક રીતિઓની હૂબહૂ નકલ કરી મુક્ત મને હસાવે છે. ભજનની પરાકાષ્ટા આવે છે ત્યારે લોકસમુદાય વાંદરા સાથે નૃત્ય કરીને મુક્ત મને આનંદ લૂટે છે અને પૂરી રાત આધ્યાત્મિક ભજનો સાંભળીને ભારે બનેલાં ચિત્તને હળવાં કરે છે. અંતે સૂર્યનાં ઊગતાં કિરણોમાં ચૂરમાનો પ્રસાદ આરોગી લોક સમૂહ વિખરાય છે.

મહા એટલે કે માસ મહિનો ભીલ આદિવાસીઓનો કૉબરિયા ઠાકોરની મૂર્તિઓ લાવીને સ્થાપના કરવાનો મહિનો છે. જે લોકો ચોરી કરે કે હરામનું લૂંટી લે તેને કૉબરિયો ઠાકોર વળગે છે. તે કુટુંબમાં પશુઓ મારી ભારે નુકસાન કરે છે. આથી દુઃખ દૂર કરવા તેનો ભોપો કૉબરિયા પાટની પિત્તળની મૂર્તિઓ લાવી ઘરમાં સ્થાપવા કોળીનો ઉત્સવ કરવાનો આદેશ આપે છે. આ સમયે ભૂતકાળમાં કોઈ ચોરી જેવો ગુનો થયો હોય તે કબૂલીને ચોરીનો માલ પાછો આપવામાં આવે છે.

કોળીનો ઉત્સવ કરવા માટે સામાન્ય રીતે મહા માસના શનિ, રવિ કે મંગળવારની રાત પસંદ કરવામાં આવે છે. રાતના સમયે કોળીમાં ભાગ લેવા અનેક માણસો એકઠાં થાય છે. આ સમયે સાંગો, સારંહી, વાંસળી અને મંજીરાની સંગતથી નૃત્યભજનો ગાવામાં આવે છે. સાંગો, સારંગી અને વાંસળી પુરુષો વગાડે છે જ્યારે મંજીરાની મદદથી સ્ત્રીઓ સંગીતમાં સૂર પુરાવે છે. સંગીતના સ્વરો અને ગેય ભજનો સાથે સ્ત્રી-પુરુષો અને બાળકો નાચવા લાગે છે. વચ્ચે વચ્ચે શંખઘોષ અને ઝાલરના સ્વરો ભરે છે, અને નાચવાની ઝમક-ઝપડ વધે છે. પરિણામે એક આદિમ વાતાવરણ વચ્ચે આદિવાસીઓનો સામૂહિક આનંદ પહાડી પ્રદેશમાં વ્યાપી જાય છે.

આ પ્રસંગે ભોપા 'ભારથ' અને 'રૉમ સીતમાની વારતા'માંથી સીતાહરણથી આરંભી રાવણવધ અને અમરજ્યોતની વીરરસપ્રધાન પાંખડીઓ સાંગો પર ગાવા લાગે છે. રાવણવધ પછી બાવના વેશમાં રહેલા હનુમાન મૂર્ચ્છિત લક્ષ્મણ માટે અમરજ્યોત લેવા મેરુ-સુમેરુ પર્વત તરફ દોટ મૂકે છે અને ચોખાનો પહાડ આરોગે છે. સાંગ જેવાં ચર્મવાદ્યો, સારંગી જેવાં તંતુવાદ્યો, વાંસળી અને શંખ જેવાં સુષિરવાદ્યોના સ્વરો નૃત્ય કરનારના દેહમાં વધુને વધુ ઊર્જા ભરે છે અને નૃત્યની ગતિ દ્રુત બને છે. ભોપા વધુને વધુ આવેશ અનુભવે છે. જોરજોરથી પોતાની પીઠ પર લોઢાની સાંકળ એ 'ગુરુઝ' મારે છે. એમનામાં આધિભૌતિક તત્ત્વ કૉબરિયાનું અવતરણ થયું હોય તેવું અનુભવે છે. આવા વિશેષ ધાર્મિક વાતાવરણ વચ્ચે રામકથા એક લાક્ષણિક નાટ્યાત્મક રૂપ ધારણ કરે છે

અને નૃત્ય અને સંગીતથી તેની રજૂઆત વધુ દ્રુત અને બળવાન બને છે.

### હોળી-ગોર-ગવરી સંલગ્ન નૃત્ય-નાટ્ય-વેશો

હોળી-ગોર-ગવરી જેવા ૧૫ દિવસથી ૪૫ દિવસ સુધી ચાલતા આદિવાસીઓના પ્રમુખ મહોત્સવો છે. આ પ્રસંગોએ નૃત્ય-નાટ્ય વેશો સોળે કળાએ ખીલે છે.

હોળી, ગોરી અને ગવરી જેવા મહાપર્વો સમયે કાઢવામાં આવતા વેશ બે પ્રકારના હોય છે : એક ધાર્મિક અને બીજા, સામાજિક વેશ.

### વેશના પ્રકાર

ધાર્મિક વેશ સ્થાપિત દેવી-દેવતાને ખુશ કરવા માટે એ સામાજિક વેશ સામયિક ઘટનાઓથી લોકોને અવગત કરવા માટે તથા મનોરંજનના હેતુથી ભજવવામાં આવે છે. આ સમયે કાઢવામાં આવતા વેશ આ પ્રમાણે છે : (૧) ઠાકોરના ઘોડા (૨) રખી (ઋષિ-રક્ષક) (૩) તારાદે (૪) ઝરખું (૫) ડાકણ (૬) ગોપી (૭) વાઘ (૮) હાથી (૯) મગર (૧૦) મુમરદુ વગેરે.

ઠાકોરના ઘોડા, રખી અને તારાદેના વેશ ભીલોની દેવી-દેવતા તરફની ધાર્મિક આસ્થા પ્રગટ કરે છે. ઝરખું, મુમરદુ, ગોપી આદિ વેશ તેમના દૈનિક સામાજિક જીવનને પ્રગટ કરે છે. ડાકણ, કાથોડી આદિવાસી જેવા વેશ તેમના પ્રાચીન સાંસ્કૃતિક-સામાજિક જીવનને પ્રતિબિંબિત કરે છે. વાઘ, હાથી, 'ઘડીયાલ' (મગર) જેવા વેશ ભીલ આદિવાસીઓના પ્રાગૈતિસાહિસક યુગથી ચાલ્યા આવતા વિશાળ વન્યપ્રકૃતિ સાથેના અભિન્ન સંબંધને સૂચિત કરે છે.

### વેશનાટ્ય પ્રદર્શક

હોળી, ગોર અને ગવરીના સમયે ભજવવામાં આવતા બધા વેશના ધારક પુરુષો જ હોય છે. સ્ત્રીના સ્વાંગ પણ પુરુષો જ લે છે. સ્ત્રીઓને વેશ ભજવવાનો નિષેધ હોય છે. તેઓ ગીત અને નૃત્યમાં સહભાગી બને છે. વેશના પ્રદર્શકો ઉત્સવ દરમિયાન માંસ-મદિરાનો ત્યાગ કરે છે. વેશો કે નાટ્યપરંપરા એમના વંશમાં ઊતરે છે. બીજા વર્ષે પ્રદર્શક વેશ અથવા પાત્ર ન ભજવે તો દેવી-દેવતાનો પ્રકોપ ઊતરે અને તે બીમાર પડે એવી પૂરા સમાજની દૃઢ માન્યતા હોય છે.

પ્રસ્તુતકર્તા પોતાના વેશ કે પાત્રોની રૂપ-સજ્જા







ચારેબાજુ ફેલાયેલી પ્રકૃતિની વસ્તુઓ એ ઘરની તૂટેલી-ફૂટેલી વસ્તુઓમાંથી નિખારે છે. કોઈ માઈક કે વીજળીની જરૂર નહીં. વરસતી ચાંદની વીજળી એ બુલંદ ગળું માઈક. પાઠ પણ પરંપરાથી મૌખિકરૂપે ચિત્તમાં તૈયાર હોય છે. વેશો પૂરો દિવસ કે રાત ભજવે પણ ક્યારેય આર્થિક ઉપાર્જનની આકાંક્ષા નહીં. આ વેશ-નાટ્યો ધાર્મિક અને સામાજિક પ્રથા-પરંપરા નિભાવવા ભજવવામાં આવે છે. ધાર્મિક વેશ-નાટ્યોમાં પ્રદર્શકો એટલા બધા એકાકાર બને છે કે તેઓ જે-તે દેવી-દેવતા બની જાય છે અને લોકસમુદાયને આશીર્વાદ આપે છે.

### રંગમંચ

હોળી, ગોર કે ગવરીના ઉત્સવ સમયે ભજવવામાં આવતા વેશો માટે કોઈ વિશેષ રંગમંચની આવશ્યકતા હોતી નથી. ગામનું કોઈ ખેતર-ખળું કે પહાડની કોઈ સમતળ તળેટીનું પ્રાંગણ રંગમંચ બની જાય છે. આ પ્રાકૃતિક રંગમંચની ચારે બાજુ ફેલાયેલી ટેકરીઓની શીલાઓ અને વૃક્ષોની ડાળીઓ દર્શકોની બેઠક બની જાય છે. પહાડી પ્રદેશમાં વેશભૂષા કરવા માટે બાંધેલા ઓરડાની આવશ્યકતા નહીં. કોઈ મોટી શીલાના આડશે પ્રદર્શકો વેશ સજે છે અને બદલે છે.

આરંભમાં આબાલ-વૃદ્ધ, સ્ત્રી-પુરુષો બધાં એકઠાં થઈ હોળી, ગોર કે ગવરીનાં ગીતો ગાય છે અને જાનવિયા ઢોલ સાથે નૃત્ય કરે છે. એક વિશેષ વાતાવરણ સર્જિત થયા પછી વેશ-નાટ્ય ભજવવાનો આરંભ થાય છે.

### વેશ-નાટ્યોનાં લોકવાદ્યો

વેશ કાઢતી અને નાટક ભજવતી વેળાએ ઢોલ, મૃદંગ, કુંડી જેવાં ચર્મ વાદ્યો અને વાંસળી, શંખ, શરણાઈ જેવાં સુષિરવાદ્યોનો ઉપયોગ થાય છે. પ્રત્યેક વેશ-નાટ્ય ઢોલ અથવા મૃદંગના સંગીત સાથે થતાં નૃત્યો સાથે બદલાય છે. આથી રંગમંચ પર પટ પરિવર્તનની આવશ્યકતા પડતી નથી. દૃશ્ય પરિવર્તનમાં પણ લોકવાદ્યો સહાયક બને છે.

ગોર, હોળી અને ગવરી જેવા લોકોત્સવમાં ભજવવામાં આવતાં આ વેશ-નાટ્યો નૃત્ય અને સંગીતની પૃષ્ઠભૂમિમાં નિખરે છે. આ લોકનાટ્યોને સ્થાનિક બોલીના રાગાત્મક સંવાદ સજીવ બનાવે છે અને 'લોક'ની પોતાની વક્રોક્તિઓ એ રૂઢિપ્રયોગોથી શણગારેલાં હોવાથી એકઠા થયેલા લોકસમુદાયને ભરપૂર આનંદ આપે છે.

### વેશ-નાટ્યોના દર્શકો

ધાર્મિક વેશો પૂરા સમાજના લોકોની પ્રગાઢ આસ્થા હોવાથી દર્શકો ધાર્મિક આમન્યા પાળે છે અને પ્રદર્શક અત્યંત ગંભીરતાથી વેશ-નાટ્યો ભજવે છે. જ્યારે





સામાજિક વેશોનો ઉદ્દેશ સમાજમાં નજીકના ભૂતકાળમાં ઘટેલી વિશેષ ઘટનાઓથી લોકોને અવગત કરાવવાની સાથે લોકાનુરંજન હોવાથી પ્રદર્શક ઉન્મુકતાથી હર્ષોલ્લાસ સાથે ભજવે છે.

ધાર્મિક વેશ-નાટ્ય પરંપરાગત પ્રદર્શકો દ્વારા એટલા બધા પ્રભાવપૂર્ણ રૂપે અને પ્રબળ ધાર્મિક શ્રદ્ધા સાથે ભજવવામાં આવે છે કે ક્યારેક દર્શક-પ્રદર્શકનો ભેદ લુપ્ત થઈ જાય છે અને ગીત-નૃત્ય મિશ્રિત વેશોમાં લોકસમૂહ સહભાગી બને છે અને ગાવા-નાચવા લાગે છે.

હોળીના મહોત્સવ વખતે ફાગણ સુદ દશમની રાતે આદિવાસી વનપ્રાંતરોમાં ડુંગરની તળેટીમાં આવેલા વિશાળ મેદાનમાં શ્રીફળ વધેરી આ વેશ કાઢવાની શરૂઆત કરે છે. વરસતી ચાંદની વચ્ચે ૫૦૦ થી ૧૦૦૦ માણસોની વચ્ચે મોડી રાત સુધી એક પછી એક વેશ આવે જાય છે અને આખો માનવ સમુદાય અનન્ય આનંદ લૂંટવામાં ખોવાઈ જાય છે. ઢોલના વિધવિધ તાલો વચ્ચે સૌથી પહેલાં સ્ત્રી-પુરુષો અને બાળકો નાચે છે અને ત્યાર પછી વચ્ચે વચ્ચે નૃત્ય બંધ કરીને વેશ કાઢે છે. આ વેશો તેઓના વિશિષ્ટ પ્રકારના વન્યજીવન અને લોકસંસ્કૃતિ પર પ્રકાશ પાડે છે.

'જાગરિયો', 'કાળકી', 'ધૂણતો ભોપો' વગેરે વેશો તેઓનું યુગોથી સંગ્રહિત આદિમ માનસ છતું કરે છે તો, 'ઝરખું', 'ગોપીઓ' વગેરે વેશો તેઓના જિવાતા સામાજિક જીવન પર પ્રકાશ પાડે છે. 'ઠાકોરના ઘોડા', 'રખી' વગેરે વેશો તેમના ધાર્મિક જીવનની વિસ્તૃત ભૂમિકા પૂરી પાડે છે. 'ડાકણ' નામનો તેમની સંસ્કૃતિનો લાક્ષણિક વેશ તેઓની ધાર્મિક અને સામાજિક આસ્થાનું મહત્ત્વનું અંગ બની રહે છે. એક લાંબી લાલ જીભવાળી કાળી પચ્છંદ પુરુષ કાયા હાથમાં સળગતા બે કાકડા લઈને રૌદ્ર નૃત્યની મુદ્રામાં માનવમેદની વચ્ચે પ્રવેશે છે ત્યારે વાતાવરણમાં ભય વ્યાપી જાય છે. ધીમે ધીમે 'ડાકણ' બંને હથેળીઓમાં સળગતા કાકડા દબાવીને નમન કરે છે ત્યારે આંગળીઓ વચ્ચેથી જ્વાળાઓ પ્રગટે છે અને દર્શકોના જીવ તાળવે ચોંટી જાય છે. થોડા જ સમયમાં 'ડાકણ'નું નૃત્ય ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે અને માનવ સમુદાય ઉપર તૂટી પડે છે અને સ્ત્રી-પુરુષો અને બાળકો નાસભાગ કરે છે.

આ વેશમાં આવતી 'ડાકણ' વિશે ડુંગરી-ભીલ આદિવાસીઓ એક અતિરંજિત, ચમત્કારિક અને આધિભૌતિક કથાઓ અને દંતકથાઓ કહે છે. ભારતના બીજા આદિવાસીઓની માફક 'ડાકણ' અને તેના 'પ્રભાવ'માં તેઓને વિલક્ષણ શ્રદ્ધા છે.

આ લોકનાટ્યો સમાજના વિશેષ ધાર્મિક-સામાજિક

પ્રયોજન હેતુ લોકો દ્વારા લોકસમૂહ વચ્ચે ભજવવામાં આવે છે. આ વેશ-નાટ્ય નજીકના ભૂત અને વર્તમાન લોકજીવનના અંશ હોવાના લીધે 'લોક'ના સામૂહિક આશા-આકાંક્ષા-ભાવના સજીવ રૂપ ધારણ કરે છે. એમાં સંઘોર્મિઓ ઉન્મુક્તરૂપે પ્રગટ થાય છે. આથી પૂરો લોકસમુદાય નાટ્યો જોવામાં નિમગ્ન થઈ જાય છે.



ડુંગરી ભીલોના આ વેશ-નાટ્યો દર્શક-પ્રદર્શકના માનસમાં બીજમાંથી અંકુરિત-પલ્લવિત થઈને વિકસિત થતાં નથી. પરંપરાગત હોવાથી આ વેશ-નાટ્યો દર્શકોના ચિત્તમાં પહેલાંથી જ સ્થિતિ હોય છે. છતાં પણ દર્શકો દેવી-દેવતા તરફના પૂજ્યભાવ, પ્રદર્શકોની અભિનયકલા અને લોકનાટ્યોની મંચન પ્રક્રિયાથી આકર્ષિત થાય છે. આ વેશ સમાજજીવનનો અભિન્ન ભાગ હોવાથી દર્શકોને આત્મીય લાગે છે. આથી દર્શક અને પ્રદર્શક વચ્ચે આત્મીય સંબંધ કાયમ કરે છે.



## વિશ્વનો અનોખો લોકોત્સવ ગવરી

ગ્રીષ્મમાં આવતા હોળી, ગોર જેવા ધાર્મિક ઉત્સવો ઉપરાંત વર્ષામાં આવતો 'ગવરી' એ ભીલ આદિવાસીઓનો મુખ્ય મહોત્સવ છે. ગવરી ભાદવા સુદ એકમથી આસો સુદ અગિયારસના સૂર્યોદય સુધી પૂરા ૪૧ દિવસ ચાલતો, અનેક ગામોમાં ચાલતો, અનેક લોકનાટ્યોથી સંલગ્ન અને ૬૦ થી ૧૦૦ જેટલા નટથી પ્રદર્શિત થતો ભારત દેશનો અદ્વિતીય લોકોત્સવ છે. ભારત સિવાય વિશ્વમાં કોઈપણ સ્થાને, કોઈપણ કાળે આવું નાટ્યરૂપ જોવા-સાંભળવા મળ્યું નથી જે આટલી લાંબી અવધિ સુધી, આટલા બધા પ્રદર્શક સમુદાય દ્વારા, અનેક ગામોમાં સંખ્યાતીત દર્શકો સન્મુખ, આટલી બધી સુવ્યવસ્થા સાથે, પૂરો દિવસ-અનેક દિવસો સુધી ધાર્મિક-સામાજિક અદબ સાથે પ્રદર્શિત કરવામાં આવતું હોય. આનંદ-આશ્ચર્યની વાત તો એ છે કે આ સમયે અરવલ્લી પહાડી પ્રદેશનું પૂરું લોકજીવન-પૂરાં ગામ બધું જ કામ છોડીને ગવરીનાં દર્શન કરે છે. દેવી-દેવતા પર પરમ આસ્થા સાથે તન્મય બનીને ગીત-નૃત્ય-સંગીત-કથા સંલગ્ન નાટ્યો નિહાળે છે અને ગવરીનાં ચરિત્રો સાથે તદ્રૂપ બની પૂરો સવા માસ ગવરીમય બની જાય છે. આ મહાપર્વ લોકના સહજ સંસ્કારોથી સંપન્ન અને વિરાટ ભારતીય 'લોક'ના આત્માનો અંશ હોવાથી જાતિ-જાતિ વચ્ચે ભાવાત્મક એકતા સ્થાપવા સહાયક બની શકે તેમ છે.











# ા ાજિક ઉત્ ો ં ગ્ નૃ ો

### ગણેશ નૂતરવા

સામાજિક પર્વોમાં પ્રમુખસ્થાને લગ્નોત્સવ છે. લગ્નપ્રસંગે વર કે કન્યાને પીઠી બેસાડવાની સાથે જ નૃત્ય-ગીત-સંગીત-નાટ્યનો આરંભ થાય છે.

પીઠી બેસતાં પહેલાં વર કે કન્યા દેવરાના મંદિરે દર્શને જાય છે. આ પછી ખેતરમાંથી માટીનું એક ઢેફું લઈ ગણપતિનો આકાર આપી, તિલક કરી, શ્રીફળ વધેરી માટીના આ ગણપતિને સ્ત્રીઓનાં ગીતો અને ઢોલના ઢમકાર સાથે ઘેર લાવે છે. ગોતરેજના ચિત્ર પાકે આ ગણપતિનું સ્થાપન કરે છે. તેમને માન સહિત પાટે બેસાડે છે. જીવન પોષક વ્યવસાય ખેતી હોવાથી આદિવાસીઓ માટી અને ધરતીને લગ્નપ્રસંગે ભૂલતા નથી. પ્રકૃતિના ખોળે જન્મેલા હોવાથી પ્રકૃતિનાં તત્ત્વો જ તેમની શ્રદ્ધા અને ભક્તિનાં મૂળાધાર છે. ગણપતિ સ્થાપન પછી કન્યા કે વરને ગરમ પાણીથી સ્નાન કરાવે છે. હવેથી તરુણ 'વીદ' અથવા 'લાડો' અને કન્યા 'લાડી' અથવા 'લાડરી' કહેવાય છે. પીઠીનાં ગીતોની રમઝટ વચ્ચે હળદરથી તેમની પીઠી ચોળે છે.

### પીઠીએ બેસવું

પીઠી માતા અથવા કાકી ચોળે છે. પીછી ચોળી રહ્યા પછી કાકો 'લાડી' કે 'લાડા'ને તેડીને ગોતરેજ આગળ



બેસાડે છે. પીઠી ચોળવાનાં ગીતો સ્ત્રીઓ ઉપાડે છે. પછી તરુણો નૃત્યગીતોનો આરંભ કરે છે અને યુવતીઓ ઝીલે છે :

લાડી ન સરે રે અડદી - પીઠી હરિયા મુગ રે,
પેંરિયે પાદવેં લાડી ઝલમી રે ! લાડી ન સરેરે...
લાડા ન સરે રે એંણાં નાડિયાંવાળો ફેંણો રે !
કાળે ઉનાળે લાડો ઝલમો રે ! લાડા ન સરેરે...

વર્ષાકાળે જેટલી સહજતાથી વૃક્ષને નવી ટીશીઓ ફૂટે છે એટલી જ સહજતાથી આદિવાસી સ્ત્રી-પુરુષોના શામળા હોઠો પર ગીતો ફૂટવા લાગે છે. ચરણો લાક્ષણિક



ઠેકા લઈને તાલ આપે છે અને વિશિષ્ટ પ્રકારના દેહલયના હિલ્લોળ સાથે ગીતો 'ખોલરા'માંથી પ્રગટી પ્રકૃતિના અનંત પટ વિસ્તારમાં વ્યાપી જાય છે. થોડા દિવસો પહેલાં તો નિર્ધન લાગતું ખોલરું સામૂહિક હૃદયના આંતરિક સત્ત્વથી સભર બની જાય છે.

પીઠીનાં કેટલાંક ગીતો ફટાણાંને મળતાં આવે છે. કન્યા કે વરની જુવાન બહેનને 'વેંડી વેવાંણ' કહે છે. આ 'વેંડી વેવાંણ' ફટાણાનું પ્રધાન લક્ષ્ય બને છે :

વેંડી વેવાંણ તૂરમાં કાટ્યાં આપ રે !
અણી નાસણ નં તૂઝણિયો તાવ સરિયો રે !
વેંડી વેવાંણનો ડગ ડગ મોસો ડોલે રે !
નોપો બોતમ એંગો એંગો ઝાય રે !

### પીઠીનાં લાક્ષણિક નૃત્ય :

પીઠીનાં આ ફટાણાંમાં મુખ્યત્વે તરુણ-તરુણીઓ વધારે મુખર હોય છે. તરુણ-તરુણી બંનેનો પ્રેમોર્મિલ્લાસ આ ગીતોમાં ઝીલાતો હોવા છતાં સૌથી પહેલાં આ ગીતોનો આરંભ તરુણના હોઠો પર ટહુકે છે. જેવો તરુણ ગીતનો આરંભ કરે છે કે તરત જ ધીમે ધીમે તરુણ-તરુણીઓનું સમગ્ર શરીર એક લય ધારણ કરે છે. આ લગ્નનૃત્યમાં સ્ત્રીઓ અને પુરુષો પોતાનું અલગ વર્તુળ રચે છે. દરેકનો એક હાથ બીજાના ખભા પર મૂકે છે. બીજો હાથ પાસેના પાત્રના હાથમાં ગૂંથાઈ જાય છે. ગીતના ઉતારચઢાવની સાથે તેઓ ત્રણ ડગલાં આગળ ચાલે છે. થોડીક ક્ષણોના વિરામ પછી બે ડગલાં પાછળ ચાલે છે. થોડીક ક્ષણો અટકે છે ત્યારે કમરનો એક વળાંક-લચક લે છે, ધીમે ધીમે તેમના ચરણોમાં એક સજીવ ગતિ પ્રવેશે છે અને તેમની ચાલનો વેગ વધે છે. ગીતોનો ઢાળ બદલાતાં તેમના નૃત્યના ઠેકા પણ બદલાઈ જાય છે. જેમાં ગીત વધુ શૃંગારી તેમ તેમના ઠેકાનો વેગ વધુ. તેમનાં આ ગીત નૃત્યોમાં દેહનો લય શક્તિશાળી હોય છે. રાતમાં વરસતા 'મેઘલ અંધાર' વચ્ચે તેમના ગળામાંથી ઘૂંટાઈને આવતો જરા જાડો સ્વર અને પ્રણય-ઉલ્લાસનાં મધુર ગીતો સાથે સધાતો તેમના દેહનો વિશિષ્ટ લયહિલ્લોળ પ્રકૃતિના મુક્ત મને વરસતા ઐશ્વર્ય વચ્ચે એક રમ્ય લોકસંસ્કૃતિ દૃશ્ય સર્જે છે. અહીં સ્ત્રી અને પુરુષ બંનેનું મહત્ત્વ છે. અભિજાત સંસ્કૃતિની માફક લગ્નમાં







એકલી સ્ત્રી બેસીને નથી ગાતી. અહીં સ્ત્રી અને પુરુષ બંને ગાય છે અને બંને નૃત્ય કરે છે.

### મોરિયું નચાવવું

જાન જવાની આગલી રાતે 'વીદ'ને અને જાન આવવાની આગલી રાતે 'લાડી'ને મોરિયું નચાવે છે. ગીતો અને નૃત્યોની રમઝટ પછી વર કે કન્યાને એક ખાટલામાં બેસાડે છે. ત્યાર પછી ચાર માણસો ખાટલાને ઊંચકીને નાચે છે. ઉપર ખાટલામાં બેઠેલાં વર કે કન્યા હર્ષિત થાય છે. ખાટલાવાળા નાચતા નાચતા ગીત ઉપાડે છે અને સ્ત્રીઓ ઝીલે છે :

રે'મ રંગીલા મોરિયા રે, રેંમ કૂગરી વાઝે !
બાપાજીના રાઝમાં રે રેંમ, કૂગરી વાઝે !
પીઠોલીમાં રેંમો, રેંમ કૂગરી વાઝે !

હે રંગીલા મોર ! તું રમ ! તારા રમવાથી તારા ચરણોમાં બાંધેલી ઘૂઘરી વાગી રહી છે ! થોડા સમય માટે તું રમી લે ! બાપુજીના રાજમાં રમી લે. થાળીઓમાં એ પીઠીમાં રમી લે ! પછી તો તું સંસારમાં પડવાનો. પરિણામે સંસારના વિષમ બંધનોમાં ઝકડાઈ જવાનો.

અત્યંત વિપન્ન પરિસ્થિતિમાં પણ તેઓના ગાવાનો અને નાચવાનો આનંદ અનેરો હોય છે, અનન્ય હોય છે. પણ જેમ જેમ તેઓ શહેરી સંસ્કૃતિના સંપર્કમાં આવે છે, તેમ તેમ આ નાચવાનો અને ગાવાનો આનંદ ગુમાવતા જાય છે.

### માંડવા નૃત્ય :

દક્ષિણ ગુજરાતનાં આદિવાસીઓનું વિશ્વ વિખ્યાત નૃત્ય માંડવા નૃત્ય છે. આ નૃત્ય હોળી અને ડાંગ દરબાર પ્રસંગે થાય છે. માંડવા નૃત્યમાં સ્ત્રી-પુરુષોનું ઐક્ય અદ્દભુત હોય છે. સ્ત્રી-પુરુષો એક બીજાની કમરે હાથ ભરાવી પૂરી ઊર્જા સાથે ઝડપથી વર્તુળાકારે નૃત્ય કરે છે. આ સમયે નૃત્યના અનેક 'ચાળા' બદલાયા છે. આ પછી સ્ત્રીઓ પુરુષો એકબીજાના ખભા પર ચડી ચાર માળનો માંડવો રચી વર્તુળાકારે નૃત્ય કરે છે. વાદ્યોના સ્વરો ઝડપી અને તીવ્ર બને છે. નૃત્ય પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે સૌથી ઉપર રહેલી સ્ત્રી એકઠા થયેલા સમુદાયને પ્રણામ



કરે છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનાં 'ભાયા', 'ઠાકર્યા' નૃત્યો તથા પાવરી અને ડોબરું પર થતાં નૃત્યો પણ આગવી વિશેષતાઓ ધરાવે છે.

આ ઉપરાંત મધ્ય ગુજરાતના આદિવાસીઓનાં વસંતઋતુમાં રોળા, આલેણિયાં, ઈંદનૃત્યો, હોળીના પ્રસંગે ઢોલનૃત્યો, ઘેરનૃત્ય, માંડવાનૃત્ય લગ્ન પ્રસંગે માટલીનૃત્ય, કૂદણિયાં, ટીમલી, આંબલીગોધો, રોળા, ડાંડિયાનૃત્ય, જાનૈયાનૃત્ય, ચૉરીનૃત્ય આદિનૃત્યો આગવી વિશેષતાઓ ધરાવે છે.

ગીત, સંગીત અને નૃત્ય એ આદિવાસી સમાજજીવનમાં, 'જલમીન' જેમ ઓતપ્રોત છે. એમના આર્થિક રીતે વિષમ જીવનમાં નવીન ચેતના, ઉલ્લાસ અને પ્રાણ સીંચવાનું કામ ગીત, સંગીત અને નૃત્ય કરે છે.

# નૃ ો ં ગ ાો



વાદ્યો ધાર્મિક-સામાજિક તહેવારોનાં અનુષ્ઠાનો અને વિધિવિધાનો સાથે થતાં નૃત્યો સંલગ્ન અવિનાભાવે જોડાયેલાં હોય છે. આદિવાસીઓનાં સંગીત વાદ્યોમાં ચર્મવાદ્યો અને સુષિરવાદ્યો મુખ્ય છે.

## ચર્મવાદ્યો

### (1) ઢોલ

ઢોલ એ જન્મથી આરંભી મૃત્યુ સુધીના જીવનના સંપૂર્ણ સંસ્કારો અને વ્યવહારો અભિચાલિત કરતું વિશ્વના પ્રત્યેક આદિવાસી સમાજનું સજીવ લોકવાદ્ય છે. ઢોલ જગતના દરેક આદિવાસીઓને એક મંચ પર એકત્રિત કરતું; સુખ-દુઃખમાં સાથ આપતું અને લોહીના અણુ અણુમાં વ્યાપ્ત પ્રભાવી વાદ્ય છે.



મેળા, લગ્ન, હોળી, દિવાળી, ગોર, નૉરતા જેવા સામાજિક-ધાર્મિક ઉત્સવો સમયે ઢોલ પર પડતી ગેડીથી જન્મતા ઢમકાર સાથે આદિવાસી લોકજીવન ઉલ્લાસ અને ઉત્સાહથી નાચી ઊઠે છે.

ઉત્તર ગુજરાતના આદિવાસી પ્રાદેશિક મેળાઓમાં જ્યારે દોઢસોથી બસો ઢોલ પર એકી સાથે ગેડી પડે છે, અને તેના લીધે જન્મતા સ્વરથી અનેક આદિવાસી સ્ત્રીઓના દેહ એક સાથે લય ધારણ કરી નૃત્ય આરંભે છે, ત્યારે ઉપસ્થિત દરેક માણસના અંતરમાં પણ યુગોથી સૂતેલા નૃત્યના સંસ્કારો જાગી તલસી ઊઠે છે.

ઢોલ તો એક જ માપ અને આકારનો હોય છે પણ ઢોલ પર પડતી ગેડીઓ, થાપો અને તેના પરિણામે જન્મતા સ્વર અને તાલની વિવિધતા પ્રમાણે ઢોલના પ્રકારનાં નામ પાડે છે અને પરંપરામાં સ્થિર થાય છે.

#### જોનવિયો ઢોલ (સામૈયાનો ઢોલ)

હોળી કે ગોર જગવતી વખતે અને લગ્ન પ્રસંગે ગણેશ નૂતરતી વેળાએ જોનવિયો ઢોલ વગાડે છે. પાંચ ગેડી અને પાંચ થાપથી વાગતા અને વિશિષ્ટ રીતે જન્મતા સ્વરથી દેવ-દેવીઓ ખુશ થાય છે એમ માને છે.

#### ઝોરી ઢોલ

દેવરાની મૂર્તિઓ લાવતી વેળાએ ઢોલ પર અનેક ગેડી અનેક થાપ વાગે છે. આથી ભોપાઓને ધૂણવાની વેળ ઊપડે છે. જેથી ભોપા કિકિયારીઓ પાડતા જોરજોરથી ધૂણે છે.

#### ઢુગલાનો ઢોલ (માંલ્લાનો ઢોલ)

ભૂત કાઢતી વેળાએ 'દેવત' આમંત્રવા અને ભોપા કે બડવાને ધુણાવવા ઢુહલાનો ઢોલ વગાડે છે.

### ઢમસળીઓ ઢોલ

હોળી, ગોર, લગ્ન, મેળા વગેરે જાહેર ધાર્મિક એ સામાજિક ઉત્સવો પ્રસંગે આનંદ મેળવવા અને નૃત્ય કરવા માટે જે ઢોલ વગાડે 'ઢમસળીઓ ઢોલ' કહે છે. આ પ્રકારના ઢોલમાં પુરુષો ઢોલ વગાડે છે અને સ્ત્રીઓ ઢોલના સ્વર સાથે હાથમાં લોઢાની વીંટીઓ પહેરી નાચે છે. જેમ ઢોલ વાગવાનો તાલ બદલાય તેમ સ્ત્રીઓના નાચવાનો પ્રકાર પણ બદલાય છે. ઢમસળીઓ ઢોલ લગભગ ત્રીસ પ્રકારના તાલે વગાડે છે અને ત્રીસ પ્રકારે સ્ત્રીઓના નૃત્યના નાચવાના પ્રકાર બદલાય છે.

### વારી ઢોલ

કોઈના મૃત્યુ પ્રસંગે, એકાએક આવી પડેલા શત્રુના ભય સમયે, આગના પ્રસંગે ધાડ કે 'સરેતરા' (ચઢાઈ) સમયે કે કોઈ સરકારી અમલદારના આગમન સમયે માનવસમુદાય એકઠો કરવા માટે 'વારી ઢોલ' વગાડે છે.

કોઈના ખૂન, ચરેતરા, ધાડ કે આગ સમયે આ જ ઢોલ લાંબા સમય સુધી વગાડે છે. આથી તેઓ પોતપોતાનાં શસ્ત્રો લઈને અવાજની દિશામાં દોડવા લાગે છે.

મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં તાલ પ્રમાણે ઢોલના અલગ-અલગ સ્થાનિક નામ હોય છે. જેમ કે પડો, બુંગિયો, જાંગી, સિંધુડો, તરઘાયો, મણિયારો વગેરે.

ઢોલ બનાવવા માટે 'સવણ'ના થડને ગોળાકારે કોરી બંને બાજુ બકરાના ચામડાથી મઢે છે. ઢોલ પર લાલ, લીલા, ગુલાબી રંગથી મોર, ઘોડા કે ફૂલ-વેલનાં ચિત્રો દોરે છે. ઢોલની દોરી પણ રંગીન પસંદ કરે છે.

### (૨) સાંગ

સવણના લાકડાની ચાર ઈંચ પહોળી પટ્ટીને ગોળાકારે વાળીને એક બાજુ ચામડું મઢીને સાંગ નામનું ચાર્મવાદ્ય બનાવે છે. આ વાદ્ય 'ઘેર' વાદ્યથી નાનું એ થાળીથી મોટું હોય છે.

સાંગ થાપ અને આંગળીઓની મદદથી વગાડે છે. સાંગમાંથી જન્મતા સ્વર એ બદલાતા તાલ પ્રમાણે તેનાં બે પ્રાદેશિક નામ હોય છે, એક આરતીની સાંગ અને બીજી નાચવાની સાંગ.

### આરતીની સાંગ

કૉબરિયા પાટની કોળી ઉત્સવ પ્રસંગે સ્ત્રી-પુરુષો સ્થાનક પાસે બેસીને મંજીરા, શંખ, ઝાલર, વાંસળી અને સારંગીની સંગતમાં સાંગ વગાડે છે અને ઠાકોરના ભોપાઓને ધૂણવાની વેળ ઊપડે છે.

### નાચવાની સાંગ

આરતી પછી સાંગનો તાલ બદલાય છે. આથી બેઠેલાં સ્ત્રી-પુરુષો ઊભા થઈ મંજીરા, વાંસળી અને સારંગી સાથે નાચવા લાગે છે. જેમ જેમ સાંગનો તાલ તેજ બને છે તેમ તેમ સ્ત્રી-પુરુષો દેહની વિશિષ્ટ લચક લઈને ચલતીમાં નૃત્ય કરે છે.

### (૩) વાજું (નાનું ઢોલ)

મોટા ઢોલથી પ્રમાણમાં નાના ઢોલને 'વાજું' કહે છે. આ ઢોલ લગ્ન, મામેરું અને બાધા (હગ)ના પ્રસંગે શરણાઈ (લગા) અને કુંડી સાથે વગાડે છે. 'ગોર' નચાવવા અને નાટ્યવેશ ભજવતી વેળાએ પણ વાજું વગાડે છે. આ વાજાને મધ્ય અને દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ 'માદળ' કહે છે.

### (૪) કુંડી

ઊંડા તાંસળા જેવા માટીના પાત્રના મુખ પર ચામડું મઢે છે. તેને આદિવાસીઓ કુંડી કહે છે. ઢોલનો સ્વર ઘેરો હોય છે. જ્યારે કુંડીનો સ્વર વધુ તીણો અને મીઠો હોય છે. લગ્ન અને માનતાના પ્રસંગે વાજા અને શરણાઈની સાથે કુંડી વગાડે છે.

આ ઉપરાંત ઢાક, ડાકલું, તૂર, ભોંયતૂર જેવાં ચર્મવાદ્યો આદિવાસી જીવન સાથે વણાયેલાં છે.

## તંતુવાદ્યો

### (૫) તંબૂરો

'હાલ' વૃક્ષના લાકડાને ગોળાકારમાં કોરી, ઊભો દંડ જોડી તંબૂરો બનાવવામાં આવે છે. દંડના એક છેડે ત્રણ ખૂંટીઓ જોડી, ત્રણ તાર બાંધે છે. 'નખલી'થી તાર પર આઘાત આપવાથી સ્વરો પ્રગટે છે. તંબૂર એ આદિવાસી સાધુનું વહાલસોયું વાજિંત્ર છે.

ભાદરવા માસમાં મહામાર્ગી પાટ ઊજવે છે. આ સમયે સાધુ મંજીરા અને તંબૂરાની સંગતમાં બીજમાર્ગી ભજનો ગાય છે. આ નૃત્યભજનો હોય છે અને આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષો નૃત્ય કરે છે. આ પ્રસંગે નૃત્યનો લય બળવાન હોય છે અને તેઓના દેહ ઘાયલ સાપની માફક વળ ખાય છે. આ ઉપરાંત સમાધિ પઢતી વેળાએ અને પ્રાદેશિક મેળાઓમાં પણ તંબૂર પર રૂપારાણી, તોળીરાણી જેવાં આખ્યાનો એ આદિવાસી રામાયણ-મહાભારતના પ્રસંગો આદિવાસી સાધુ ગાય છે.



### (૬) સારંગી

સારંગી એ સાંગોના ભજન સમયે ઉપયોગમાં લેવાતું આદિવાસીઓનું લાક્ષણિક તંતુવાદ્ય છે. તેની રચના શીમળાના વૃક્ષમાંથી કરે છે. દોઢ ફૂટ લાંબા લાકડાને વચ્ચેથી કોરી, ચામડું મઢી વચ્ચે ઘોડાના પૂંછડાના વાળ બાંધી સારંગી બનાવે છે. સારંગીમાંથી સ્વર કાઢવા માટે બનાવવામાં આવતી કામઠીના તાર પણ ઘોડાના પૂંછડાના વાળ હોય છે. વાંસળી અને સારંગહીનો મીઠો સ્વર સાંગોના ભજનોને વધુ કર્ણપ્રિય બનાવે છે.



## સુષિરવાદ્યો

### (૭) શંખ (હખ)

ફૂંકથી ઘોષ જન્મે એવાં વાદ્યોમાં શંખ એ પ્રાચીન અને પ્રાકૃતિક સ્વરવાદ્ય છે. પ્રાચીન મહાકાવ્ય મહાભારતમાં શંખના વિવિધ નામ અને શંખઘોષના ઉલ્લેખો મળે છે. આદિવાસી સાધુ મહામાર્ગી પાટનાં ભજનો ગાતી વેળાએ અને ભોપા સાંગનાં ભજનો ગાતા પહેલાં શંખ વગાડે છે. દેવરાની મૂર્તિઓ સ્થાપવાના પ્રસંગે પણ શંખ અને ઝાલર વગાડે છે.

### (૮) શરણાઈ (લગા)

આદિવાસીઓ શરણાઈને 'લગા' કહે છે. આ પહેલાં વર્ણવેલા શંખ સિવાયનાં બધાં વાદ્યોની રચના આદિવાસીઓ સ્વયં કરે છે જ્યારે શરણાઈ બજારમાંથી ખરીદે છે. શરણાઈનો ઉપયોગ હોળી અને ગોરના ઉત્સવ પ્રસંગે નાટ્યવેશ ભજવતાં, લગ્નપ્રસંગે સામૈયા માટે અને બાધા છોડતી વેળાએ કરે છે.

### (૯) વાંસળી

એકાદ ફૂટ લાંબા, પાતળા અને પોલા વાંસના ટુકડા પર અગ્નિની મદદથી ઉપરના છેડે એક અને નીચેના છેડે પાંચ કાણાં પાડી વાંસળી બનાવે છે.

વાંસળી મેળા, લગ્ન, હોળી, ગોર, નૉરતું જેવા સામાજિક-ધાર્મિક ઉત્સવો પ્રસંગે થતાં નૃત્યો ટાણે ઢોલીને સંગત આપવા માટે વગાડે છે.

ઢોલ નૃત્યો અને કૉબરીયા ઠાકોરનાં ઉત્સવ પ્રસંગે થતાં સાંગોનાં નૃત્યો સિવાય પણ એકલદોકલ વ્યક્તિ પ્રકૃતિના સાંનિધ્યમાં ઢોર ચારતી વેળાએ, વાંસળી વગાડે છે. આવા સમયે વાંસળી ઉપર ગોઠિયાનાં ગીતો, લગ્ન ગીતો, મેળાનાં ગીતો અને ભજનો વગાડે છે. કેટલાંક પ્રસંગે અગાઉથી





નક્કી કર્યા પ્રમાણે વિશિષ્ટ પ્રકારનું ગીત વગાડી ગોઠણ (પ્રેમિકા)ને સંકેત સ્થળ પર લાવવા માટે પણ વાંસળીનો ઉપયોગ થાય છે.

### (૧૦) ઘોડાલિયું (કોરાયું)

ચાર કે છ ઈંચ વાંસની પાતળી ચીપમાં વચ્ચે તંતુ જેવી બીજી પાતળી પટ્ટી કોરીને 'કોરાયું' (ઘોડાલિયું) બનાવે છે. તેના એક છેડે દોરી બાંધે છે. ઘોડાલિયાને હોઠો પર ગોઠવી દોરી ખેંચીને આંગળી વડે આઘાત આપી સ્વરો ઉત્પન્ન કરે છે. તરુણો ઘોડાલિયા પર ગોઠિયા વિષયક પ્રણયગીતોના સ્વરો વગાડજે છે. આ ઉપરાંત તેના પર લગ્નગીતો, હોળીગીતો, મેળાનાં ગહીતો અને અરેલાનાં ગીતો પણ વગાડે છે. ઘોડાલિયું દિવાળીથી બળેવ સુધી વગાડવામાં આવે છે. મધ્ય ગુજરાતના રાઠવા આદિવાસીઓ આ પ્રકારના વાદ્યને 'ઘાંઘરી' કહે છે.

### (૧૧) ઝાલર

કાંસાની નાની થાળીને દાંડીથી વગાડે છે. તેને ઝાલર કહે છે. સાંગો અને બીજનાં ભજનોમાં ઝાલર વગાડવામાં આવે છે. ઉપરાંત દેવરાની આરતી કરતી વખતે પણ ઝાલર વગાડે છે. ડાંગી આદિવાસીઓ થાળીની મધ્યમાં મીણ ચોંટાડી ઊભી બરુની સોટી મૂકી વિવિધ સ્વરો પ્રગટાવી રામકથા ગાય છે.

### (૧૨) મંજીરા (તાળિયા)

મંજીરાનો ઉપયોગ સાંગ સાથે તાલ આપવામાં અને તંબૂરા સાથે ભજનમાં રાગ મેળવવા થાય છે.





### (૧૩) ઘૂઘરિયો (ફૂગરિયો)

ઘૂઘરિયોનો ઉપયોગ ફક્ત સ્ત્રીઓ કરે છે. હોળી, ગોર અને લગ્ન પ્રસંગે નૃત્ય કરતી વખતે હાથની આંગળીઓ લોઢાની ઘૂઘરિયો પહેરીને નાચે છે અને ઢોલની સાથે તાલ મેળવે છે. ઘૂઘરિયાને તેઓ 'વેંટલા' પણ કહે છે. અત્યારે ઘૂઘરિયોનું સ્થાન લેજિમે લીધું છે.

આ ઉપરાંત મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં નગારું, પીહવો, પીહવી, ભેરી, ઘાંઘરી, તારફૂ, પાવરી, ડોબરું આદિ વાદ્યો પ્રચલિત છે.

એકબીજાથી દૂર દૂર ઘર બનાવીને વસતા આદિવાસીઓને આ વાદ્યો જ નજીક લાવે છે અને અભૂતપૂર્વ એકતાનાં દર્શન કરાવે છે. આ વાદ્યો જ આર્થિક રીતે વિષમ લોકજીવનમાં આનંદ સીંચે છે.

### ગીત સંપદા

આદિવાસી ગીતો ઉત્સવ, નૃત્ય અને વાદ્યો સાથે ઓતપ્રોત હોય છે. સાહિત્યમાં 'લોકગીત' તરીકે રૂઢ થયેલા ગીતને આદિવાસીઓ 'ગીતાં' કહે છે. ગીતો સમૂહમાં લોકના સામાજિક-ધાર્મિક પ્રયોજન કે આનંદ માટે ગવાય છે. તેનો આરંભ ભલે એક વ્યક્તિ કરતી હોય પણ સમાજને આવશ્યક સંઘોર્મિ રૂપે પ્રગટે છે. આવાં ગીતો ઋતુચક્ર પ્રમાણે આવતા પર્વપ્રસંગેના વાતાવરણમાં પૂરો દિવસ કે પૂરી રાત અનેદ દિવસો સુધી એક સંખ્યામાં ગવાય છે. માટે આદિવાસી સમાજ તેને બહુવચનમાં 'ગીતાં' કહે છે; અને મૌખિક પરંપરામાં 'ગીતાં' નામકરણ રૂઢ થયું છે.



પર્વ-પ્રસંગ વિના 'ગીતાં' ગાવાની પ્રથા ભીલ આદિવાસી સમાજમાં નથી. આદિવાસી ગીતોની બીજી વિશેષતાઓ એ છે કે, દરેક પર્વ-પ્રસંગ વિના 'ગીતાં' ગાવાની પ્રથા ભીલ આદિવાસી સમાજમાં નથી. આદિવાસી ગીતોની બીજ વિશેષતા એ છે કે, દરેક પર્વ-પ્રસંગમાં ગવાતા ગીતનું સ્વરૂપ અને તેને સંલગ્ન વાદ્ય પરંપરામાં નિયત થયેલું હોય છે. મેળામાં ઢોલ સંલગ્ન ગોઠિયાનાં ગીતો ગાવાનો રિવાજ છે. ભીલ આદિવાસી સમાજમાં કિશોરાવસ્થામાં ગોઠિયા-ગોઠણ (પ્રેમી-પ્રેમિકા) કરવાની જીવન-પ્રણાલી છે. પરંતુ, જેની સાથે પ્રેમ થાય છે તેની સાથે લગ્ન થઈ શકતું નથી. લગ્ન બીજે ગામ એ બીજા ગોત્રમાં થતું હોય છે. આથી લગ્ન પ્રસંગે એકબીજાને છોડી દેવા પડે છે. પરિમાણે ભીલ આદિવાસી તરુણ-તરુણીના હૃદયમાં લગ્ન પૂર્વે મિલનના તથા લગ્ન સમયે અને લગ્ન પછી વિયોગના ભાવો જન્મે છે. આ ઉત્કટ (તીવ્ર) ભાવો મિલન અને વિરહનાં અનેક ગીતોમાં પરિણામે છે. આવા મિલન એ વિરહનાં ગીતોની રચયિતા મોટા ભાગે સ્ત્રીઓ હોય છે.

આવા ગીતોનાં ઉદ્દભવસ્થાન પ્રકૃતિનો વિશાળ પટપ્રદેશ હોય છે. ચિત્ત હૃદયમાં ઊગતા પ્રેમના ભાવોને ઋતુચક્ર પ્રમાણે પ્રગટતો પ્રકૃતિનો વૈભવ ગીતોને જન્મવા ઉદ્દીપકનું કાર્ય કરે છે.

રોઈરાનું સોગું લળે' લા, કાળા મારા ઝોતાં
ઝાય'લા,
આપું બેઠા એતણ રોઈરો ફૂલેંણો રે,
કાળા મારા ઝોતાં ઝાય' લા!

હે પ્રમી કાળા! રોહિડાનું વૃક્ષ હર્ષિત થઈ, ડાળીઓ દ્વારા છાયામાં બેસવા આમંત્રણ આપી રહ્યું છે. આપણે છાયામાં બેઠાં આથી તેના પુષ્પો ખીલી ઊઠ્યાં અને વાતાવરણ સુગંધથી ભરાઈ ગયું !

પરાગ લેતા ભમરાને જોઈને સંવનન કરવાની ઈચ્છા જાગે અને સહજ ગીત રચાઈ જાય :

રોઈરો ફૂલેંણો'લા ગોઠા !
બેઠાં-હૂતાં મેંઝા કેંરિયે'લા ગોઠા !

પણ આ સહવાસનો આનંદ લાંબો સમય રહી શકતો નથી. લગ્ન નજીક આવી રહ્યું છે. લગ્ન ભીલકન્યા અને





તરુણ માટે દુઃખદાયક પ્રસંગ છે. કન્યાનાં લગ્ન લેવાયાં છે, ગોઠણને પીઠી અને પાનેતર બંને રડાવે છે. કારણ કે ગોઠિયાની સ્નેહલ-સ્વપ્નિલ હૂંફમાંથી અલગ થવાનો સમય આવી પહોંચ્યો :

અળદી પીઠી વેંણાં કુઆરાં' લા ગોઠા,
કુઆરાં' લા ગોઠા;
અળદી પીઠી રોવરાવેં હૈ' લા ગોઠા !
પાકા પીળિયા વેંણાં કુઆરાં'લા ગોઠા,
કુઆરાં' લા ગોઠા;
પાકું પીળિયું રોવરોવેં હૈ' લા ગોઠા !

યુવતી વિચારે છે કે, 'હું લગ્ન કરીને જઈ રહી છું. પરંતુ મારા વિના વેરાન હૃદયી બની ગયેલો ગોઠિયો બીજી ગોઠણ નહીં જોરે તો દુઃખી થશે.' માટે તે ઉદાર અને મંગલમયી ભાવના વ્યક્ત કરે છે.

બીઝી ઝોરઝે; બીઝી ઝોરઝે; ગોઠિયા બીઝી ઝોરઝે;
મારા નોમનીસ ગોઠિયા બીઝી ઝોરઝે !

હે ગોઠિયા ! હું તો હવે તારા જીવનથી અલગ થઈને જઈ રહી છું. પરંતુ, તું દુઃખી ન થતો અને બીજી ગોઠણ જોરજે. મારા નામની જ બીજી ગોઠણ કરજે કે જેથી તે નામની સાથે હંમેશા તારા હૃદયમાં જીવતી રહું !

પ્રકૃતિના સાંનિધ્યમાં જીવતી આદિવાસી કન્યાની કથની અને કરણી એક જ છે. પોતાના પ્રિયજનને બીજી યુવતીને સોંપતાં કહે છે :

ઈડર ઝાયતો' લી ઈડર પળકે !
લેં કે કેળી તોય આલિયો મારો દોસ,
કાકાવાળી તોય આલિયો રે !
હથેળીમાહો ઝાળો ઝાળવેં એમ ઝાળવો રે !
પોમલી તોય આલિયો રે !

કેળી (નામ), ઈડર જાય તો આખું ઈડર શહેર પ્રકાશિત થઈ જાય, એવો મારો ગોઠિયો તને આપું છું ! કોમળ હથેળીમાં પડેલા ઝાળા (ફોલ્લા)ની જેમ જેને જાળવ્યો છે તેવો ગોઠિયો તને સોંપું છું. હવેથી તું એને સાચવજે! પણ પ્રેમ તો બંનેને કેમ ભુલાય ?!

અહીં આદિવાસી યુવતીનો ઉદ્દેશ્ય કવિતા કરવાનો નથી. પરંતુ, વાસ્તવિક જીવનનું દુઃખ ગાવાનો છે. જીવનના તીવ્ર સુખાત્મક-દુઃખાત્મક ભાવોમાંથી આ ગીતો આવિર્ભાવ પામ્યાં હોવાથી કવિતા સહજ આવીને મળે છે અને કવિતાનાં આ રસસ્થાનો કાલિદાસ, વાલ્મીકી અને ભવભૂતિની કવિતાને આંબી જાય છે.

કાલિદાસના 'વિક્રમોવર્શીયમ્'માં ઈન્દ્રના દરબારમાં રાજા પુરુરવાના વિચારમાં ખોવાયેલી ઉર્વશીથી અભિનયમાં ભૂલ થઈ ગઈ. આથી ભરત મુનિ દ્વારા પૃથ્વી પર પડવાનો શાપ પામી. અહીં પણ ગોઠિયાના પ્રેમમાં આકંઠ ડૂબેલી ગોઠણ 'સાંગો'ના નૃત્યના લયને ભૂલી જાય છે :

આયા માર, કોબરીઓ પાટ પૂરિયો આયા માર,
સાંગોવાળો એલો પૂલી ગેઈ રે, આયા માર!
આયા માર, એ હું કળા ઓઈ રે, આયા માર,
સાંગોવાળો એલો પૂલી ગેઈ રે, આયા માર!

ગોઠિયાના પ્રેમમાં ગળાબૂડ ગોઠણ પ્રેમની મધુરરમ્ય

સ્મૃતિઓમાં ડૂબી જાય છે. પરિણામે બાલ્યાવસ્થાથી જ શીખેલા 'સાંગો'ના નૃત્યના ઠેકાને ભૂલી જાય છે અને આશ્ચર્ય અનુભવે છે. એવી કોઈ કળા બની કે 'સાંગોવાળો એલો પૂલી ગેઈ રે!'

'ઉત્તરરામચરિતમ્'માં મહાકવિ ભવભૂતિ સીતાહરણ પછીની રામની વિરહ વેદના આ રીતે વ્યક્ત કરે છે.

जनस्थाने शून्य विकलकरणैरार्यचरितै-

रविग्रावा रोदत्यपि दलति वज्रस्य हृदयम्।

'સૂના જનસ્થાનમાં વ્યાકુળ ઈંદ્રિયોવાળા આર્યે જે આચરણ કર્યું તેનાથી તો પથ્થરો પણ રડી ઊઠ્યા અને વ્રજનું હૃદય પણ ફાટી ગયું!' વિયોગની આજ સંવેદના ગોઠિયો અને ગોઠણ અનુભવે છે.

જીવનની ઉષાએ ફૂટેલા પ્રથમ પ્રણયની જાણે કે લગ્નની વેદી પર ભારે હૃદયે આહુતિ આપતી હોય એમ ગોઠણ કહે છે :

માયા સોરઝે... ગોઠિયા હોરો રેંઝે લા!

'હે ગોઠિયા, હવે તું મારી માયા છોડી દેજે અને સાજો રહેજે !

શરીરમાંથી પ્રાણ ઊતરડાતો હોય એમ ભારે હૃદય આગળ કહે છે :

ડગરા રોહેં, ઝાળાં રોહેં, મોટાં

મોટાં રુખાં રોવરાવિયાં રે,

ગોઠિયા હોરો રેંઝે લા! કેંણ મોનેલા

ગોઠિયા હોરો રેંઝે લા!

'આપણે એકબીજાથી અલગ થઈ જઈએ છીએ તે વેદના પથ્થરો પણ જીરવી નહીં કારણ કે, આપણે તેમની સાક્ષીએ પ્રેમ કર્યો હતો. આપણી આ વિયોગ વ્યથા પથ્થરો પણ સહન નહીં કરી શકે. આથી પથ્થરો પણ રડશે; અને જેમની છાયામાં બેસીને બેશુદ્ધ વિસ્મૃતિની ક્ષણો ભોગવતી હતી તે ઝાડ-ઝાંખરાં પણ રડશે!'

વિરહ નજીક આવી રહ્યો છે અને ગોઠિયાની મનોવ્યથા ભારે છે. તેના વિયોગની વેદના સીતાહરણ પછી વાલ્મીકિના રામની દારુણ વિરહ વેદનાથી જરાય ઊતરતી નથી. વાલ્મીકિ લખે છે, 'સીતા વિરહના શોકરૂપી



કાદવમાં ગળી ગયેલા હોવાને લીધે ઉન્મત્ત બનેલા રામચંદ્ર વૃક્ષેવૃક્ષે, પર્વતે-પર્વતે અને નદીએ-નદીએ વિલાપ કરતા કરતા ભમવા લાગ્યા અને મોહને લીધે અજ્ઞાત બાળકની પેઠે તે તે વૃક્ષાદિ પ્રત્યે સીતાની ભાળ પૂછવા લાગ્યા.'

વાલ્મીકિના વંશજો પાસે વાલ્મીકિ જેવી શિષ્ટ સંસ્કૃત ભાષા ભલે ન હોય છતાં તેમની સાદી-સરળ બોલીનાં ગીતોમાં વાલ્મીકિની સંવેદનાને આંબી જાય એવી સંવેદનાનું વિશ્વ પડેલું છું. ગોઠણનાં લગ્ન લેવાયાં છે એ ગોઠિયો વિચારે છે, સાથે 'જે સ્થળોએ પ્રેમની પરમ ઉત્કટ ક્ષણો માણી હતી તે ગોઠણ વિના શૂન્ય થઈ ગયેલાં પ્રકૃતિનાં સ્થાનોમાં એકલા જ ઘૂમવાનું? ગોઠણ કહે છેઃ

જેજણિયા ઝોરામાં મોરિયા હેંણ રોએ'લા!

'જ્યાં આપણે ઢોર ચારતાં હતાં તે જેજણિયા ઝોડમાં હે મોર! મારા ગોઠિયા ! તું શા માટે રડે છે ?

લગ્નની વાતથી વિવશ અને દુઃખી થઈ રડતા ગોઠિયાને કન્યા ધીરજ ધરવાનું કહે છે :

નેં રોઉ એંમ કેંતો'માલ

વેંળે (વહેળે) વેંળે હેંણ રાયે'લા!

આઈ-બા (માતા-પિતા)ના હમ ખાતા'લા,

વેંળે વેંળે હેંણ રાયે'લા!

ગોઠિયાના હૃદયમાં સળગતી વિરહની હોળીનું અશ્રુગાન હૃદયદ્રાવક છે!

અત્યાર સુધી તો ગાતાં હતાં :

ખાખરાની હીળી સાચ'લા;

આવા ગોઠા;

હૂતાં બેઠાં મેંઝા કેંરિયેં 'લા!



હવે કાલે તો :

આડા મગરા પરિયા'લા,

કેંમ કેંરી ભેળાં ઓયા'લા!

કાલ પછી તો આખી જિંદગી ઊછળતા વિયોગનો કારમો મહેરામણ!

પ્રકૃતિના વિવિધરંગી મનોહારી પટવિસ્તારમાં પ્રાંગરેલી નેહની વેલ લગ્નની વેદી પર 'કપૂરના પ્રજ્વલિત ભડકા'ની માફક ભડકીને સમાપ્ત થઈ જાય છે. પરંતુ કિશોરાવસ્થાના પવિત્ર પ્રેમની આ અરુણિમા જીવનભર માટે એક આલોકરેખા બની જાય છે.

પ્રથમ યૌવનની સુકુમાર રાતોમાં પ્રણયની વંશીનું ગીત એટલી તલ્લીનતા અને આત્મવિસ્મૃતિ સાથે સાંભળ્યું હતું કે, હવે તો તૂટતા ગીતના એ લયના ટુકડા સ્મૃતિઓ રૂપે શેષ રહી જાય છે ! હવે તો

ખાખરાની હીળી સાયા'લા ગોઠા,

એ દનરા સેતે આવે'લા ગોઠ!

'હે ગોઠિયા, ખાખરાની શીતળ છાયામાં બેસીને પ્રેમ કરતાં હતાં એ દિવસો યાદ આવે છે!'

આમ જીવનના નાના ટુકડામાં કરેલો, પ્રાણાસવથી અભિમંત્રિત અને હૃદયમાં જ અશ્રુમુખી આ ખંડિત પ્રેમ, જીવનની યાદનો કાયમી સ્તૂપ બની જાય છે. આ સ્મૃતિઓ સ્ત્રી અને પુરુષ-બંને પ્રેમીને પ્રભાવિત કરતી હોવાથી ગોઠિયાનાં ગીતોમાં દાંપત્યજીવનના ભાવો ગેરહાજર છે.

સ્ત્રી અને પુરુષની સહિયારી સંપત્તિ જેવાં આ ગીતોમાં રોજબરોજ બનતા વાસ્તવજીવનના પ્રસંગોનાં સરળ, મધુર અને અલંકૃત બોલીમાં આલેખાયેલાં ચિત્રો હૃદયસ્પર્શી છે. તેમના સહજ ભાવોમાં કવિતા છે. શબ્દ શાશ્વત બને એવી કવિતા છે. અહીં વ્યક્ત પૂર્વરાગ, મિલન, વિરહ અને જાર-પ્રેમના ભાવો એ રસશાસ્ત્રની જેમ કાવ્યમાં જ રસાનંદ લેવાના ભાવો નથી. આ તો આચાર્યોને કાવ્યશાસ્ત્ર-સૌંદર્યશાસ્ત્ર-રસશાસ્ત્રની રચના કરવામાં સહાયક થાય એવા વાસ્તવ જીવનમાં ભોગવેલા સાચા ભાવો છે. આથી અભિનવ ગુપ્ત જેવા મહાન સિદ્ધાન્તકાર કહે છે, 'જે કંઈ 'લોક'માં છે તેનો 'શાસ્ત્ર'માં પરિષ્કાર થાય છે, તેને વ્યવસ્થિત કરવામાં આવે છે. જે કંઈ શાસ્ત્ર કે શિષ્ટમાં છે તે ક્યારેક લોકની સ્વતઃ સ્ફુરિત સહજતામાંથી આવેલું હોય છે.' માટે ભારતીય ચિંતન 'લોક'મા શિષ્ટજનોની તુલનામાં સ્વાભાવિક અને સહજ માને છે અને તેના સાહિત્યને શિષ્ટ સાહિત્યના સર્જનનો સ્ત્રોત અને આલંબન આધાર માને છે. ભતૃહરિ પણ કહે છે. કે 'લોક'માં સર્વ રીતે પ્રતિષ્ઠિત છે, તેને તર્કની તુલા પર તોલવાની જરૂર નથી.





# દિ ા ી ૈ િક ાહિ ુ ં ો - ં ાદ



ડૉ. હસુ યાજ્ઞિકે આ વિદ્યાશાખાના સીમાચિહ્નરૂપ પુસ્તક 'લોકવિદ્યાવિજ્ઞાન'માં સંશોધક-સંપાદક દ્વારા ભીલી સાહિત્યનાં ૪૦ પુસ્તકોનો સર્વાંગી અભ્યાસ કરી 'આદિવાસી લોકવિદ્યા'ને ભારતીય અને ગુજરાત લોકવિદ્યાક્ષેત્રે એક સ્વતંત્ર ધારા તરીકે સ્વીકાર કર્યો છે. ગુજરાતી લિખિત સાહિત્યમાં સંપૂર્ણ કહી શકાય એવું એક પણ મહાકાવ્ય સર્જાયું નથી અને આંગળીના વેઢે ગણી શકાય એટલાં આખ્યાનો છે એવા સંજોગોમાં છેલ્લા અઢી દાયકામાં આ સંશોધક (ડૉ. ભગવાનદાસ પટેલ) દ્વારા સંશોધિત-સંપાદિત ભીલ આદિવાસીઓના 'રૉમ-સીતમાની વારતા' (ભીલી રામાયણ), 'ભીલોનું, ભારથ' (ભીલી મહાભારત), 'ગુજરાંનો અરેલો', 'રાઠોરવારતા' જેવાં સત્ત્વશીલ ચાર લોકમહાકાવ્યો અને રૂપારાણી, તોળીરાણી, ગોપીચંદ-ભરથરી જેવાં ૨૧ લોકાખ્યાનો તથા ભીલી સાહિત્યની અન્ય વિધાઓ જેવી કે ગીતકથાઓ, લોકકથાઓ, પુરાકથાઓ, લોકમંત્રો, ગીતો વગેરેના ૧૫ ગ્રંથોના પ્રગટીકરણથી રાષ્ટ્રીય ક્ષેત્રે આદિવાસી મૌખિક સાહિત્ય પ્રસિદ્ધ થઈ પ્રસાર-પ્રચાર પામી અભ્યાસનો વિષય બન્યું છે. ઉપર ઉલ્લેખિત ભીલ લોકમહાકાવ્યોનું સાહિત્યિક અને લોકતાત્ત્વિક મૂલ્ય પારખી ભારતીય ભાષા સંસ્થાન, મૈસૂરે અંગ્રેજીમાં ભાષાંતર કરાવી પ્રસિદ્ધ કર્યાં છે. મોઈઝ રસીવાલા ભીલોનાં પ્રમુખ લોકાખ્યાનોના અંસોનું ફ્રેંચ ભાષામાં ભાષાંતર કરી એન્થ્રોલૉજીમાં 'ભીલોનું ભારથ'ના સાહિત્યિક દૃષ્ટિએ અગત્યના અંશો અંગ્રેજીમાં પ્રગટ કર્યા છે. નયન સૂર્યાનંદ લોકપ્રતિષ્ઠાન, મુંબઈ દ્વારા પ્રકાશિત The Tribal Literature of gujarat Ed. by Bhagvandas Patel પુસ્તકમાં ડૉ. હસુ યાજ્ઞિકે ભીલી સાહિત્ય અંગેના લેખો અંગ્રેજીમાં પ્રસિદ્ધ કર્યા છે. ડૉ. નીલા શાહ દ્વારા અનુવાદિત અને નયન સૂર્યનાંદ લોકપ્રતિષ્ઠાન દ્વારા પ્રકાશિત AADIVASI LOKAKHYANO પુસ્તકમાં આ સંશોધક દ્વારા સંપાદિત ભીલોનાં પ્રમુખ લોકાખ્યાનો અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયાં છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હીએ ડૉ. મૃદુલા પારીક દ્વારા હિન્દીમાં અનુવાદિત 'ભીલોં કા ભારથ' પ્રસિદ્ધ



કર્યું છે. વર્ષ ૧૯૮૪ થી ૨૦૦૪ સુધીના સમયખંડમાં ગુજરાતના મૂર્ધન્ય વિવેચકો દ્વારા ભીલી સાહિત્ય વિશે વિવેચાયેલા લેખો ડૉ. બળવંત જાની દ્વારા સંપાદિત કરાવી ગુજરાત સાહિત્ય અકાદમીએ 'વનસ્વર' પુસ્તકમાં મૂક્યા છે. ગુર્જરી ટ્રાયબલ ફાઉન્ડેશન, અંબાજી દ્વારા પ્રસિદ્ધ 'ભીલી સાહિત્યઃ એક અધ્યન' ગ્રંથોમાં ડૉ. હસુ યાજ્ઞિકે વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૮ સુધીના સમયખંડમાં પ્રસિદ્ધ થયેલા લેખોનું સંપાદન કર્યું છે. આ ઉપરાંત તેમના દ્વારા લિખિત અને ગૂર્જર ગ્રંથરત્ન દ્વારા પ્રકાશિત 'ગ્રામીણ અને આદિવાસી કંઠ પરંપરા' ગ્રંથમાં ગ્રામ અને આદિવાસી મૌખિક સાહિત્યના વિવેચનને એક સ્થાન પર મૂકી આપ્યું છે. ડૉ. દીપક પેટેલ 'ભીલ સાહિત્યઃ કૃતિ અને સંસ્કૃતિ' પુસ્તકમાં ભીલી લોકાખ્યાનો પર અભ્યાસ કર્યો છે. શિવશંકર ચુ.



મારીને વારતાને મૂળરૂપે ચિત્તમાંથી બહાર આણવામાં પણ સ્ત્રી સહભાગી થાય છે અને નૃત્ય દ્વારા પ્રસંગે-ઘટનાને વધુને વધુ પ્રભાવી બનાવે છે. વળી, સ્ત્રીઓના સાંનિધ્યમાં વાહક સીધી ગતિએ જ વારતા કહેવાનું વલણ ધરાવે છે. આથી આવાં મહાકાવ્યોમાં પુરુષો દ્વારા સ્થાપેલા આદર્શોનું ભારણ હોતું નથી. આદિવાસી સાહિત્યમાં પિતૃસત્તાક સમાજના આદર્શો, ખ્યાલો અને માન્યતાઓના પ્રભાવ વિના સ્ત્રીના વ્યક્તિત્વનો સહજ વિકાસ થયો છે તેનું મહત્ત્વનું કારણ માતૃસત્તાક મહામાર્ગી જીવનદર્શન અને સ્ત્રીની સાહિત્ય અને જીવનમાં સહભાગિતા છે. આથી જ રૉમ-સીતમાની વારતાની સીતા, અહલ્યા, કૈકેયી અને ભારથની દ્રૌપદી, કુંતી, સુભદ્રા વગેરે સ્ત્રીચરિત્રો વાલ્મીકિ અને વ્યાસના પુરુષસત્તાક જીવનદર્શનથી અલગ પડે છે.

જોશી ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈ દ્વારા પ્રકાશિત 'ગોપીચંદ ભરથરીની વારતા'ની ભૂમિકામાં આ સંશોધકે સિત્તેર હજાર વર્ષ પૂર્વકાલીન આદિવાસી સંસ્કૃતિ-સભ્યતાનાં મૂળ-કુળ શોધવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત આ સંશોધક-સંપાદકે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં ભીલી મૌખિક સાહિત્યનું નિદર્શન અને અનેક લેખો પ્રસિદ્ધ કર્યા છે. આમ, આ બહુ આયામી-બહુમૂલ્યવાન ભીલી સાહિત્ય રાષ્ટ્રના સીમાડા વળોટી લોકવિદ્યા ક્ષેત્રે અભ્યાસનો વિષય બન્યું છે.



### નાયિક પ્રધાન મહાકાવ્યો

આદિવાસી લોકમહાકાવ્યોના સર્જન અને સ્વરૂપના અનુષંગે વિચારતાં પુરુષ ગાયક કે કથકને કથન દ્વારા કૃતિનું કલામયરૂપ ધારણ કરાવવામાં સ્ત્રીની સહભાગિતા પુરુષ જેટલી જ હોય છે. તે હોંકારો ભણીને પ્રમુખ ગાયકને વારતા કહેવા લાલાયિત કરે છે. બાણિયા તરીકે વચનનાં બાણ



રૉમ-સીતમાની વારતામાં દરેક સ્ત્રી-પાત્રો વ્યક્તિ છે. પુરુષ લિખિત પુરુષસત્તાક શિષ્ટ મહાકાવ્યોની જેમ સ્ત્રીઓનું અહીં પુરુષની સંપત્તિ તરીકે ચિત્રણ થયું નથી. તેઓ નીજના સ્વતંત્ર વ્યક્તિત્વથી વિભૂષિત છે. પુરુષના કોઈપણ ખ્યાલો-ઈચ્છાઓ-ભાવનાઓ રૉમ-સીતમા કે ભારથનાં સ્ત્રી-પાત્રોનું વિધાયક બળ નથી. ભારથમાં સમગ્ર રાજકીય, ધાર્મિક અને સામાજિક સત્તા કુંડી-દ્રૌપદી જેવી વ્યવહાર અને વહીવટકુશળ સ્ત્રીઓના હાથમાં છે. સ્ત્રીઓ અહીં નાયિકા સ્થાને છે. પુરુષોના જીવનની માર્ગદર્શક તેઓ અહીં પોતાના સ્વતંત્ર અને રાજકીય, ધાર્મિક અને સામાજિક વ્યક્તિત્વના બળે સશક્તિકરણ સાથે પ્રગટે છે. આ અર્થમાં 'ભારથ' સ્ત્રીના સમગ્ર જીવનને પ્રગટાવતું અને ગૌરવ કરતું વિશ્વનું વિરલ મૌખિક મહાકવ્ય છે.

## મહાકાવ્યોનો જીવનબોધ-યુગબોધ :

રાઠોરવારતા, ભારથ, રૉમ-સીતમાની વારતા કે ગુજરાંનો અરેલો એ વારતારસ સંતોષવા માટેની એકલ-દોકલ વ્યક્તિઓની કથાઓ નથી પણ એકથી વધુ પેઢીઓની કથાઓ છે. આવી કથાઓ કે વારતાઓ એક પૂરી જાતિના પ્રાચીનકાળથી માંડીને સામ્પ્રત સમાજજીવનને સાથે લઈને ચાલે છે. 'કોઈ એક વંશ અને એ સાથે જ એમનો આખો યુગ અને પ્રજા કેવી રીતે ઉત્કર્ષ-વિકાસ પામ્યાં, ચરમોત્કર્ષ પર પહોંચ્યાં અને અંતે એમનો વિનાશ કેવી રીતે થયો, તે દર્શાવવાનો હેતું હોય છે... એક વંશ કે કુળની કથા નિમિત્તે એમાં માનવજીવનના સંસ્કૃતિ-ઈતિહાસનાં પૃષ્ટો મંડાય છે.' આવા વંશનો 'પછીના રાજાઓના પુરુષાર્થે, પ્રયત્ને અને વીરત્વે ઉત્કર્ષ' થાય પરંતુ વચ્ચેની પેઢીમાં કોઈક એવી ભૂલ કરાવે જ પોતાના માટે તેમજ અનુગામી પેઢી માટે વિનાશક બને. (ડૉ. હસુ યાજ્ઞિક)



## આદિવાસી જીવન દર્શન : નવા વિશ્વનું આશ્વાસન

જેના આધારે આ જીવન છે એ પૃથ્વીને તંદુરસ્ત રાખવાનું જ્ઞાન આદિવાસી પાસે છે. માનવથી પૃથ્વી-પ્રકૃતિ એ વ્યક્તિથી સમાજ અગત્યનો છે એ જીવનદર્શન આદિવાસીનું છે. પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશને સાથે રાખી આદિવાસી સમાજ પ્રગતિના પંથે આગળ વધ્યો છે. પર્યાવરણનું દોહન થયા વિના તેના સંરક્ષણ થકી વિકાસ સાધવાની દિશામાં વનબંધુઓ અને ભગીનીઓ સમાજને રાહ ચીંધવા સક્ષમ છે. પશ્ચિમની આ વૈયક્તિક લોભની ઘેલછા 'વૈશ્વિકીરણ' અને 'ઉદારીકરણ'ના સોહામણા નામે વિશ્વના ખૂણે ખૂણામાં પ્રવેશી વનસંપત્તિ અને જળસ્ત્રોતોને શોષી, બજારમાં કિંમત ઊભી કરી પૃથ્વીને રણમાં પલટી રહી છે. આવા કપરા સંજોગોમાં પૃથ્વી-પ્રકૃતિનું જતન કરતું, સૌનું મંગળ ઈચ્છતું, જરૂર પૂરતું જ કુદરતી સ્ત્રોતનો ઉપયોગ કરતું, સામાજિક સ્તર-ભેદ વિનાનું સમતાવાદી આદિવાસી સમાજજીવન જ વૈયક્તિક વિઘાતક મૂલ્યોથી ઘેરાયેલા વિશ્વને વૈકલ્પિક જીવનરીતિ આપી શકશે. વૈયક્તિક ઉપભોગવાદથી ત્રસ્ત માનવજાત આદિવાસી પરંપરિત વિદ્યા-જ્ઞાન-જીવનરીતિ-જીવનદર્શનનો આશ્રય લઈને પોતાના નવા સમતાવાદી-ભાવવાદી સમાજનું નિર્માણ કરી શકશે. તેથી, અત્યારે તો એક માત્ર જીવનદાયિની આદિવાસી સભ્યતા જ વિશ્વનું આશ્વાસન છે.

























ગુજરાતના લાખો આદિવાસી ભાઈઓ અને બહેનોના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષની ઉજવણી કરતો



# આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ

## ૯ ઓગસ્ટ, ૨૦૨૦



## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ સમાજ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો

- વનબંધુ કલ્યાણ યોજનાઃ આદિજાતિ વિકાસ માટે કુલ રૂ.૧,૦૦,૯૫૬ કરોડની ફાળવણી
- પેસા એક્ટની જોગવાઈઓનો સઘન અમલઃ આદિજાતિ સમાજને જંગલની જળ-જમીન અને ગૌણ વનપેદાશોના એકત્રીકરણના ગૌણ ખનીજ અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ
- ગુણવત્તાસભર શિક્ષણ માટે ૧૯ નવી મળી કુલ ૧૧૭ એકલવ્ય શાળાઓઃ ૩૨,૯૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ તથા ૨૪ નવી સરકારી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી
- મેડીકલ/એન્જિનિયરીંગ અભ્યાસ માટે આદિજાતિના ૭,૧૧૯ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગઃ ચાલુ વર્ષમાં ૧,૦૩૮ વિદ્યાર્થીઓ મેડીકલ/એન્જિનિયરીંગ પ્રવેશ માટે પાત્ર
- આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની (રાજપીપળા ખાતે) સ્થાપના કરી છે
- આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ ગરૂડેશ્વર, રાજપીપળા ખાતે ૨૫ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે
- સમરસ હોસ્ટેલઃ ૦૯ મહાનગરોમાં કોલેજ કક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૨,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- વન અધિકારી અધિનિયમ હેઠળ વ્યક્તિગત દાવા, સામુહિક દાવા અને માળખાકિય સુવિધા માટે ૧૩ લાખ એકર કરતા વધુ જંગલની જમીનના લાભોની મંજૂરી
- આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ નિમિત્તે એકલવ્ય મોડલ શાળાઓ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણનો વ્યાપ વધારવા આદિવાસી વિસ્તારમાં ૦૯ શાળાઓ અને ૦૧ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ઈ-લોકાર્પણ/ઈ-ભૂમિપૂજન

**નિર્ણાયક નેતા, મજબૂત સરકાર**

**આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ**

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.




# ૈ ે ા ... ૈ ેિકા

કા ક ાહિ ીિ ા ક, ુજરા રા , ાં ી ર• ો`િં અ` ુદ્ર રકારી ફોટો ી ો` ,અ દા ાદ